ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ

સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ

વિદેહ કૈવલ્ય મુક્ત સંવત ૧૯૩૭ માગશર વદ સાતમને ગુરૂવાર, મુ. આકરૂ

વર્ષ ૩૬ સંવત ૨૦૭૦ અષાઢ, જુલાઈ – ૨૦૧૪ અંક – ૭

# 'વેદ રહસ્ય' સામયિક સભ્યોને ખાસ વિજ્ઞાપન

- ✓ 'વેદ રહસ્ય' દર મહિનાની પાંચ તારીખે પ્રગટ થાય છે.
- ✓ 'વેદ રહસ્ય' નું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે.
- ✓ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબરનો અવશ્ય ઉલ્લેખ કરવો
- ✓ સરનામા ફેરફાર થાય તેમજ તા. પંદર સુધીમાં અંક ન મળે તો પત્રથી ફોન નંબર સાથે અથવા ફોન દ્વારા અથવા રૂબરૂ પ્રકાશકશ્રીના સરનામે જાણ કરવી
- ✓ જે સભ્યોનું વાર્ષિક લવાજમ પુરૂ થાય અને ડીસેમ્બર મહિનાની તા. ૧૫ સુધીમાં લવાજમ ભરવામાં ન આવે તો અંક આપોઆપ ત્યાર પછીના મહિનાથી બંધ થયેલ ગણવામાં આવશે.
- ✓ વર્ષની વચ્ચે કોઈપણ મહિનામાં વાર્ષિક સભ્ય થયા હશે તો પણ વર્ષ ડીસેમ્બર માં પુરૂ થયેલું ગણાશે.
- ✓ કોઈપણ જાતનું લવાજમ ભરીને કાર્યાલયમાંથી ફરજીયાત પહોંચ મેળવી લેવાની રહેશે.
- ✓ લેખો, ભજનો, કીર્તનો વગેરે ધાર્મિક, આધ્યામિક, જીવન ઉપયોગી હોવા જોઈએ. લેખો–ભજનો–કીર્તનો વગેરે ઉપર જાણાવ્યા પ્રમાણે અનુરૂપ નહીં હોય અથવા કોઈપણ પુસ્તકના કે છાપાના ઉતારા હશે અને પ્રગટ કરવા જેવા નહીં લાગે તેવા લેખો–ભજનો–કીર્તનો વગેરે રદ કરી શકાશે અને લેખકોને પરત મોકલવામાં આવશે નહીં. લેખકોને કોઈપણ જાતનું મહેનતાણુ કે પુરસ્કાર આપવામાં આવતો નથી.
- ✓ પ.પૂ. શ્રી મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની શુભ પ્રેરણા અને અસીમ કૃપાથી 'વેદ રહસ્ય' સામયિકનો શુભ આરંભ થયેલ તેમજ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની પ્રેરણા તેમજ આશીર્વાદથી અને તેમના માર્ગદર્શન નીચે સેવક સમુદાય દ્વારા સુરત થી પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સામયિકની પ્રવુત્તિ અને વિકાસ વધતો જ જાય છે. તેથી આપ સૌ સેવક–ભકતોને નિવેદન કરવામાં આવે છે કે વાર્ષિક લવાજમ ભરીને વારંવાર સભ્ય થવું, લવાજમ ભરવામાં નિયમિતતા જળવાય નહીં, તેના બદલે આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બની જાઓ તો તમારે અને કમીટી મંડળ બંનેને ઘણી સાનુકૂળતા થઈ જાય અને વહીવટમાં પણ સુગમતા રહે. તેથી આપ સૌ સેવક–ભકતો આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બનો અને બીજાને બનવાની પ્રેરણા અને ઉત્સાહ વધારો જેથી આપે સત્સંગ સાહિત્યની મહાન સેવા કરી ગણાશે.
- ✓ લવાજમની રકમ રોકડેથી ભરી શકાશે તેમજ ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફટથી પણ લવાજમ ભરી શકાશે. ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફ્ટ વગેરે " વેદરહસ્ય કમીટી " સુરતના નામનો કઢાવવાનો રહેશે અને પ્રકાશકશ્રીના સરનામે મોકલવાનો રહેશે.


**લવાજમ તથા પત્રવ્યવહાર માટે સરનામું:**

## વેદ રહસ્ય કાર્યાલય

શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

પ્રકાશકશ્રી – સચ્ચિદાનંદ સેવક મંડળ

શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧, કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.

ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

**સંપર્ક નં. મો.: ૯૪૨૭૪ ૨૯૯૦૧, ૯૮૯૮૩ ૨૨૬૫૦, ૯૮૨૪૧ ૮૧૩૭૬**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામીશ્રી
અખંડાનંદ સાગર વેદાન્તાચાર્ય

વર્ષઃ ૩૬ / જુલાઈ–૨૦૧૪ / અંક–૭

## અનુક્રમણિકા

| | |
|---|---|
| ૨ | આશીર્વાદ<br>પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી |
| ૩ | જીવનની સફળતા<br>પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી |
| ૫ | કિમૌષધં તસ્ય વિચારમેવ<br>બ્ર. હરિશાનંદજી મહારાજ |
| ૬ | ગુરૂ ભક્ત બાળક આરૂણિ<br>સ્વામીશ્રી મોહનાનંદજી મહારાજ |
| ૭ | સદ્ વ્યવહાર<br>બ્ર. જયાનંદજી મહારાજ |
| ૭ | ગુરૂપ્રાર્થના<br>વાલજીભાઈ કે. વઘાસિયા (પીપળીયા) |
| ૮ | ધર્મો રક્ષતિ રક્ષિત<br>કૃષ્ણા કે. ભરોડીયા (પાલડી) |
| ૧૦ | પુરુષાર્થ<br>એલ. જે. સોનાણી (ચકમપર) |
| ૧૧ | કામ કરો બસ કામ<br>ભગવાનભાઈ સી. ભલાણી (વલ્લભીપુર) |
| ૧૩ | શ્રીમદ્ ભગવદ ગીતા<br>કનૈયાલાલ એલ. ભરોડીયા (પાલડી) |
| ૧૪ | વિજળીના ચમકારે<br>પોપટલાલ કુકડીયા (ચમારડી) |
| ૧૫ | ગુરુ પૂર્ણિમા<br>કેશવભાઈ જી. ભરોડીયા (પાલડી) |
| ૧૬ | ભજન<br>નીતાબેન પી. અણઘણ (સેંજળીયા) |
| ૧૭ | બાળ શિબિર – ચાણોદ<br>ગોરધનભાઈ જે. ગાબાણી (પીપળીયા) |
| ૧૯ | ગુરુપૂર્ણિમા પત્રિકા<br>સંકલિત |
| ૨૦ | સત્સંગ સમાચાર<br>સંકલિત |

જય સચ્ચિદાનંદ
ૐ

અલખ નિરંજન જય સચ્ચિદાનંદ માધવાનંદ હરે હરે...
સબ ઘટ વ્યાપક જય સચ્ચિદાનંદ માધવાનંદ હરે હરે..

# સંત સંદેશ

अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम ।
तस्मात्कारुण्यभावेन रक्ष रक्ष कृपानिधे ॥९॥

હે કૃપાસાગર ! આપના સિવાય મારે બીજું શરણ નથી, મારે તો માત્ર આપ જ શરણ (રક્ષા કરનાર) છો, તેથી હે સદ્ગુરો ! કેવળ કરુણાભાવથી આપ મારું રક્ષણ કરો (અતિ આદરભક્તિ જણાવવાને વાસ્તે બે વાર ઉચ્ચારણ કરેલું છે.) ૯

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૫ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**: પ્રકાશક :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ,
કતારગામ રોડ, સુરત.

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી અવાસ,
માનગઢ ચોક, વરાછા રોડ,
સુરત.

લવાજમ તથા લેખો માટે
પત્રવ્યવહાર :

**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીએ સુરત વેદરહસ્ય કાર્યાલય ઉદ્ઘાટન પ્રસંગે હસ્તાક્ષરે આપેલ આશીર્વાદ....**




ૐ શ્રીસચ્ચિદાનન્દાય નમઃ

તા-૧૪-૨-૨૦૧૪
સુરત.

પરમ બ્રહ્મ પરમાત્માની કૃપાથી સેવા કરવામાં આપણે તન,મન-ધનથી સેવા કરીએ અને સદ્ગુરુની કૃપા પ્રાપ્ત કરીએ. અને સેવા કરવામાં પરમાત્મા સર્વેને શક્તિ પ્રદાન કરે. અને શરીરથી, મનથી અને વાણીથી પરમાત્મા પરાયણ બનીએ. અને જીવનને સફળ બનાવીએ. બસ એજ. સદ્ગુરુ પરમાત્મા સર્વેને સર્વ પ્રકારે સુખી-સમ્પન્ન બનાવે અને કલ્યાણના ભાગી બનાવે એવી શુભ કામના સાથે સર્વ શુભ આશિર્વાદ પૂર્વક

જય સચ્ચિદાનન્દ

સ્વામી જગદીશાનન્દ સાગર

# જીવનની સફળતા

પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

પરમ પૂજ્ય પરમપિતા પરંબ્રહ્મ પરમાત્માની અસીમ કૃપાથી માનવ જન્મ મળ્યો છે. માનવ જીવનને સાર્થક-સફળ બનાવવાને માટે સમય મળ્યો છે. અવસર મળ્યો છે. તો સારા સત્કર્મ કરતા રહેવા જોઈએ. કેમ કે નીતિકાર કહે છે કે " મુહૂર્તમપિ જીવેત નરઃ શકલેન કર્મણા " કે એક જ મુહૂર્ત જીવાય તો જીવવુ પણ સારા કર્મો કરીને જીવવુ જોઈએ. તો પ્રશ્ન થાય કે સારા કર્મ કોને કહેવાય ? તો જેમા નિંદા ન થાય , પાપ ન થાય અને તે થવાથી જીવને દુઃખી થવું પડે છે એટલે કે પાપ ભોગવવા બીજા જન્મમાં, બીજી યોનીમાં જન્મવુ પડે છે અને ત્યાં દુઃખ ભોગવવુ પડે છે. પશુ-પક્ષીઓને પાપ શું કહેવાય એ ખબર પડતી નથી, સમજણ પડતી નથી પણ જયારે માનવને પરમાત્માએ બુધ્ધિ આપી છે અને બુધ્ધિથી પાપ શું કહેવાય, પુણ્ય શું કહેવાય એ સમજાય છે, સમજી શકે છે અને પછી સમજીને કરે છે તો માનવ જીવનમાં આગળ આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકે છે. એટલે પરમાત્મા પરાયણ થઈ શકે છે. આધ્યાત્મિક ઉન્નતિ, પરમાત્મા પરાયણ થવા માટે શાસ્ત્રમાં ઘણા ઉપાયો છે. એમાંથી પણ એક ઉપાય કરવાથી થવાય છે.

જીવનમાં પરમાત્મા પરાયણ થઈ જ્ઞાન પ્રાપ્ત થાય. એ બધા કરતા ઉત્તમ છે. પશુઓ-પક્ષીઓ એવુ જ્ઞાન મેળવી શકતા નથી. કેવળ માનવને જ એવુ જ્ઞાન થઈ શકે છે. પશુઓ તો ખાવાનુ-પિવાનુ અને ઉંઘવાનુ કરી શકે છે.તો શાસ્ત્રોમાં બતાવ્યુ છે કે

**આહાર નિન્દ્રા ભય મૈથુન ચ**
**સામાન્યમેતત્ પશુભિઃ નરાણામ્ ।**
**જ્ઞાનં હિ તેષામ્ અધિકમ્ વિશેષમ્**
**જ્ઞાનેન હી ના પશુભિઃ સમાના ॥**

આહાર-ભોજન, નિંદ્રા-ઉંઘવુ, ભય-બીક અને મૈથુન-વિષય સુખ, પતિ-પત્નિનું સુખ. આ બધા સુખ મનુષ્ય અને પશુઓમાં સમાન છે. એટલે કે સરખા છે. પણ જ્યારે માનવ એ વિશેષ કહેવાય છે, જ્ઞાનથી વિશેષ કહેવાય છે. એટલે મનુષ્ય જીવનમાં જ્ઞાન મેળવી શકાય છે, પ્રાપ્ત થઈ શકે છે અને સંસારમાં રહીને સંસારના સુખો અને પરમાત્માના સુખને પ્રાપ્ત કરી શકાય છે. પ્રાપ્ત થઈ શકે છે અને જે માનવ જન્મ મળ્યો તેને સાર્થક કરી શકાય છે. જન્મ-મરણના ચોરાશી લાખ જન્મથી મુક્ત કરી શકાય છે.

વેદાંત શાસ્ત્રમાં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સાધનો બતાવ્યા છે. કર્મ, ભક્તિ અને જ્ઞાન. આ ત્રણેય પ્રકારના યોગ કરવાથી જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. સાચા સુખના ભાગી બની શકાય છે. થઈ શકાય છે. સુખ જ્યારે કહેવામાં આવે ત્યારે સાચુ સુખ સમજવુ જોઈએ અને સાચુ સુખ આત્મા-પરમાત્માનું સુખ કહેવાય છે. વિષયનું સુખ પણ છે. વિષયનું સુખ (સંસાર નું સુખ) ક્ષણિક છે. અનિત્ય છે. નષ્ટ થવા વાળુ છે. સાચુ સુખ નથી. શાશ્વત સુખ નથી. એટલા માટે સાચા સુખને માટે ત્રણ પ્રકારનાં યોગ જીવનમાં કરવાનાં હોય છે. શ્રીમદ્ ભગવત ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને ઘણા પ્રકારનાં યોગો બતાવ્યા છે પણ મુખ્યરૂપથી ત્રણ પ્રકારના દોષોનું નિવારણ કરવા માટે ત્રણ પ્રકારના યોગો કરતા રહેવા જોઈએ. પોત-પોતાની યોગ્યતા અનુસાર કરવા જોઈએ. શું કામ કરવા જોઈએ એમ કોઈ કહે ! તો ત્રણ પ્રકારનાં દોષ રહેલા છે અને આ ત્રણ દોષો દુર કરવા જોઈએ અને આ ત્રણ યોગ કરવાથી ત્રણ દોષો નું નિવારણ, નાશ થઈ શકે છે.

ત્રણ પ્રકારના દોષો. મળ- વિક્ષેપ અને આવરણ. મળ નામનો દોષ, એટલે પાપ-મલીનતા , અશુધ્ધિ ,વિક્ષેપ નામનો દોષ, એટલે ચંચળતા અને આવરણ નામનો દોષ એટલે અજ્ઞાનતા, અવિદ્યા, મળ એટલે પાપ-અશુધ્ધિ એટલે અન્તઃકરણમાં જ્યાં સુધી રાગ - દ્વેષ, મારુ-તારુ, ઈર્ષા-અદેખાઈ, કામ-ક્રોધ-લોભ -મોહ-છળ-કપટ છે ત્યાં સુધી અન્તઃકરણ અશુધ્ધ કહેવાય છે. મલિન કહેવાય છે અને અશુધ્ધ હોવાથી ભગવાનનું નામ-ભજન થતુ નથી, ભગવાનનુ નામ લેવાતુ નથી, જીવ ભગવાનનુ નામ લઈ શકતો નથી. ભગવાનનું નામ લેવામાં કાઈ કોઈ પૈસો દેવો પડતો નથી. છતાં પણ આખા દિવસમાં નામ લઈ શકતો નથી. તો એનુ કારણ કે અન્તઃકરણ અશુધ્ધ છે, મલીન છે. કહેવાય છે કે જેનુ પેટ બગડયુ હોય, સારુ ન હોય તેને ભોજન સારુ લાગતુ નથી. ભોજન ભાવતુ નથી. એમ જેનુ મન બગડયુ હોય, મન અશુધ્ધ હોય તેને ભગવાન ગમતા નથી. ભજન ગમતુ નથી એટલા માટે મનને

શુધ્ધ કરવા માટે શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં નિષ્કામ કર્મયોગ બતાવ્યો છે. એટલે કે ફળ ની ઈચ્છા વગર કર્મ કરતા રહેવા જોઈએ તો મળ નામનો દોષ દૂર થાય છે.

તુલશીદાસજીએ રામાયણમાં બતાવ્યુ છે કે

**મન મલીન તનુ સુન્દર કૈસે**
**વિષરસ ભર્યા કનક ઘટ જૈસે**

પ્રીતમદાસ સ્વામી એ પણ કહ્યુ છે કે

**''મલીન અન્તરમાં છે અન્ધારુ,**
**અજવાળુ ન મળે,**
**ઈન્દુ અર્કને પીળો દેખે પોતાને કમળે,**
**માયા મોહ મદીરા પીધી**
**મદ ભરીયો આગે,**
**સદ્‌ગુરુ ની શિખામણ એને કઈ પ્રેરે લાગે.''**

એટલે કે જ્યાં સુધી અન્તઃકરણ શુધ્ધ ન હોય, ન થાય ત્યાં સુધી ગુરુનું જ્ઞાન હૃદય માં ઉતરતુ નથી

**અન્તઃકરણ હોય ઉજળા**
**જડ-તીમિર ટળી જાય,**
**સર્વે લાગે સુજવા, પદરજ મહી માય...**
**સાંભળ શુધ્ધ ચિત્તે કરી.**

એટલા માટે અન્તઃકરણને શુધ્ધ કરવા માટે શ્રી કૃષ્ણ ભગવાને નિષ્કામ કર્મયોગ બતાવ્યો છે. ફળની ઈચ્છા વગર કર્મ કરવા એટલે કે કર્મ કરવા આળશી બનવાની જરૂર નથી પણ કોઈપણ ફળની ઈચ્છા વગર મારે કર્મ કરવા છે. મારે ફળની ઈચ્છા નથી, ફળ તો ભગવાનના હાથમાં છે, મારો તો કર્મ કરવાનો અધિકાર છે. ફળ માં મારો અધિકાર નથી. ફળ દેવુ કે ન દેવુ ભગવાનનાં હાથમાં છે. ભગવાનનો અધિકાર છે. આ રીતે ભાવનાથી કર્મ કરવાથી સાધકનું અન્તઃકરણ જલ્દી શુધ્ધ થાય છે. બને છે. ફળની ઈચ્છા વગર માતા-પિતાની સેવા કરવાથી, સદ્‌ગુરુની સેવા કરવાથી, સંતોની સેવા કરવાથી, સમાજની સેવા કરવાથી, પરોપકારના કાર્ય કરવાથી મન (અન્તઃકરણ) જલ્દી શુધ્ધ થઈ શકે છે. પવિત્ર થઈ શકે છે અને અન્તઃકરણ શુધ્ધ થયા વગર ભક્તિમાં મન લાગતું નથી કેમ કે

**મન માને નહીં, મન માને નહીં,**
**સો ફેરા સમજાવુ તોય શું થાય.**
**ખલ કઠણ કઠોર ખલ કઠણ કઠોર,**
**વાર વાર સંસાર વિષે શું ભુલે?**
**મન ભૂતતણી પેરે ભમતુ**
**ચાલે માયાની સંગે ભમતુ.**
**એને પ્રભુ ભજવાનુ નથી ગમતુ,**
**એને પ્રભુ ભજવાનુ નથી ગમતુ.**
**મન માને નહીં, મન માને નહીં,**
**સો ફેરા સમજાવુ તોય શું થાય...**

એટલા માટે શાસ્ત્રો અને સંતો કહે છે કે મન (અન્તઃકરણ) શુધ્ધ હોય તો સદ્‌ગુરુનુ જ્ઞાન અન્તઃકરણમાં ઉતરે છે, જ્ઞાન થઈ શકે છે.

વિક્ષેપ નામના દોષનું નિવારણ કરવા માટે "ભક્તિ યોગ" બતાવ્યો છે. ભક્તિયોગથી વિક્ષેપ (ચંચળતા) દૂર થઈ શકે છે. મનમાં જે ચંચળતા છે એને લઈ મન સ્થિર થતુ નથી. સ્થિર રહેતુ નથી. ભક્તિયોગ એટલે ઉપાસના. પરમાત્માની ઉપાસના કરવાથી મન ધીરે ધીરે સ્થિર થઈ શકે છે કેમ કે ભગવાન પ્રત્યેકનાં હૃદયમાં છે પણ દેખાતા નથી. અનુભવ થતો નથી. એટલા માટે ભક્તિયોગ દ્વારા પરમાત્મામાં મન સ્થિર થઈ શકે છે કેમ કે પરમાત્મા પૂર્ણ છે. સર્વત્ર છે પણ પરમાત્માનો અનુભવ કરવા માટે પોતાનુ હૃદય છે. તો મન શુધ્ધ હોય અને મન સ્થિર હોય તો સદ્‌ગુરુનું જ્ઞાન ઉતરી શકે છે. એટલા માટે જેનુ મન શુધ્ધ હોય, મન સ્થિર હોય તો સદ્‌ગુરુનો સંગ કરવો. એટલે કે જ્ઞાન લેવા માટે સત્સંગ કરતો રહેવો જોઈએ અને સત્સંગનાં માધ્યમથી સદ્‌ગુરુનું જ્ઞાન હૃદયમાં ઉતરી શકે છે. દ્રઢ થઈ શકે છે.

**સદ્‌ગુરુ શરણ વિના અજ્ઞાન**
**તિમિર ટળશે નહીં રે,**
**જન્મ-મરણ દેનારુ બીજ**
**ખરુ બળશે નહીં રે.**
**સદ્‌ગુરુ શરણ વિના......**

સદ્‌ગુરુ કૃપા દ્વારા જીવને જ્ઞાન થાય પછી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે કેમ કે શ્રી ભગવાને જ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યુ છે કે

**'' જ્ઞાનં લબ્ધ્વા પરામ્ શાન્તિ-**
**મચિરેણાધિ ગચ્છતિ ''**

જ્ઞાન પ્રાપ્ત થવાથી પરમ શાન્તિ મળે છે. પરમ શાન્તિના ભાગીદાર થવું એજ માનવ જીવનની સાર્થકતા છે.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

શ્રીમદ્ ભાગવતના સ્કન્ધ-૩ અધ્યાય ૨૭ માં કપિલ ભગવાન માતા દેવહુતિને પ્રકૃતિ અને આત્માના વિવેક જ્ઞાન થકી કેવી રીતે જીવાત્માનો મોક્ષ થઈ શકે છે. તેનુ સુખદ વર્ણન કહી સંભળાવે છે. ભગવાન કપિલ કહે છે કે હે માઁ ! જેવી રીતે જળમાં પ્રતિબિંબિત થયેલુ સૂર્યનુ પ્રતિબિંબ, જળની શીતળતા, ચંચળતા વગેરેથી અલિપ્ત રહે છે. તેજ રીતે પ્રકૃતિના કાર્ય સ્વરૂપ સ્થૂળ શરીરમાં રહેતા હોવા છતા આત્મા, શરીર, મન, પ્રાણ તથા ઈન્દ્રિયોના ધર્મથી અલિપ્ત રહે છે. કારણ કે આત્મા સ્વભાવથી જ નિર્વિકાર, અકર્તા તથા નિર્ગુણ છે. છતા આત્મા પ્રકૃતિના ગુણોથી સંબંધ સ્થાપિત કરે છે તો અહંકારથી મોહિત થઈને પોતાને કર્તા માની, કર્તાપણાના અભિમાન સ્વરૂપ શરીરના સંબંધને લીધે શરીર થકી થયેલા પાપ પુણ્યરુપ, કર્મના ફળ સ્વરૂપ ઉંચ-નીચ યોનિયોમાં જન્મ ધારણ કરે છે. જે રીતે ચોરી કરવા ગયેલા ચોરોની સાથે જવા માત્રથી સજ્જન પણ સજાને પાત્ર થાય છે. તે રીતે પ્રકૃતિના સંસર્ગ થકી જીવાત્માને પણ બંધન થાય છે. સ્વપ્નમાં કોઈ ઘટના ઘટે તો ત્યાં ખરેખર રોવા-ધોવાનું કોઈ કારણ જ નથી કારણ કે સ્વપ્નાવસ્થા સત્ય નથી છતાં સ્વપ્નમાં શ્રધ્ધા થઈ જવાથી આ ઘટના મારી સાથે ઘટી રહી છે તેવુ લાગે છે. તેથી સ્વપ્નાવસ્થામાં પણ સુખ દુઃખના અનુભવની ભ્રાંતિ થાય છે. એવી જ રીતે ભય, શોક, અહંતા, મમતા એવં જન્મ મરણાદિ રૂપ સંસારની કોઈ વાસ્તવિક સત્તા ન હોવા છતા અજ્ઞાનવશ, વિષયોનું ચિંતન કરતા રહેવાથી, જીવનુ જન્મ મરણરૂપ ચક્ર ક્યારેય શાંત નથી થતુ. એટલા માટે વિચારશીલ મનુષ્યોએ યત્નપૂર્વક વિષયોમાં ફસાયેલા મનને તીવ્ર ભક્તિયોગ અને પ્રબળ વૈરાગ્ય દ્વારા વશમાં કરી પ્રભુ ચરણોમાં લગાવવું, વિષયોમાં પ્રબળ ઝંઝાવાતમાં આમથી તેમ ફંગોળાતા મનને વશમાં કરવાના સાધન સ્વરૂપ સદ્ગુણો અને પ્રયત્નોનું વર્ણન કરતા કપિલ ભગવાન કહે છે કે હે માતા ! યમ-નિયમનું એટલે કે અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય તથા અનાવશ્યક વસ્તુઓનો સંગ્રહ ન કરવો, પવિત્રતા, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરમાં દૃઢ વિશ્વાસ રાખી શ્રધ્ધા પૂર્વક પાલન કરવું. મારી કથાઓનુ શ્રવણ કરવું સર્વ પ્રાણીઓમાં પરમાત્મભાવ રાખી કોઈની પણ સાથે વેર ભાવના ન રાખવી. લાલસા-તૃષ્ણાનો ત્યાગ કરી બને તેટલુ ઓછું બોલવું, પ્રભુ કૃપાથી જે મળે તેમાં સંતુષ્ટ રહેવુ, સીમિત ભોજન કરવુ, બને તેટલુ એકાંતમાં રહેવુ, (એકાંત એટલે એક પરમાત્મામાં મનની સમસ્ત વૃત્તિઓને સ્થિર કરવી) જે સર્વ લોકો પ્રત્યે સેવાનો ભાવ રાખે છે. દયાળુ છે, ધૈર્યવાન છેં કોઈ પણ પરિસ્થિતિમાં વ્યાકુળ થતો નથી તે જીવનની સાચી શાંતિનો અનુભવ કરે છે. પ્રકૃતિ અને આત્માના વાસ્તવિક જ્ઞાન થકી પરિવાર તો શું પરંતુ પોતાના શરીરમાં પણ આ મારૂં છે. એ પ્રકારનો ભાવ જે નથી રાખતો. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાથી હું પર છું. અર્થાત્ દૃષ્ટામાત્ર છું. એવું અનુભવ કરનાર સંયમી વ્યક્તિ જે રીતે આંખોથી સૂર્યનું દર્શન કરે તે રીતે પોતાના શુદ્ધ અંતઃકરણમાં પરમાત્માનું દર્શન કરી અદ્વિતીય બ્રહ્મપદને પ્રાપ્ત કરે છે.

જે રીતે જળ ઉપર પડતું સૂર્યનું પ્રતિબિંબ જળની સપાટી ઉપરથી પરાવર્તન પામીને દીવાલ ઉપર આભાસ રૂપે દેખાય છે. (આ પ્રકારનું દશ્ય ખાસ કરીને ગામડાના લોકોએ જોયું હશે.) પ્રસંગોપાત પાણી ભરેલું તપેલું જો દીવાલની નજીક રાખેલું હોય અને સૂર્ય અમુક એંગલમાં આવે. ખાસ કરીને સવારના દસ થી બે વાગ્યાના ગાળામાં - તો એ સમયે સૂર્યનું પ્રતિબિંબ જળની સપાટી ઉપર અને જળની સપાટી ઉપરથી રિફ્લેક્સ થઈ, દીવાલ ઉપર એ પ્રતિબિંબ દેખાય છે. આવી સ્થિતિમાં દિવાલ ઉપરના સૂર્યના આભાસ થકી, જળમાં પડી રહેલું સૂર્યનું પ્રતિબિંબ દેખાય છે અને જળમાના પ્રતિબિંબ થકી આકાશમાં સ્થિત સૂર્યનું દર્શન થાય છે. એ જ રીતે - શરીર, ઈન્દ્રિય અને મન ઉપર પડતા પરમાત્માના પ્રતિબિંબ થકી (ચેતનતાના આભાસ થકી) અહંકાર ઉપર પડતા પરમાત્માના પ્રકાશ (ચેતનતા) ની અનુભૂતિ થાય છે અને અહંકાર ઉપર પડતા પરમાત્માના પ્રકાશ થકી સત્ય સ્વરૂપ પરમાત્માના દર્શન થાય છે. આ પ્રકારે

મન, ઈન્દ્રિયો, શરીર વગેરેમાં જે સુખ અને આનંદની અનુભૂતિ થાય છે. તે સુખ આનંદ પરમાત્માના જ છે. વાયા અહંકાર થઈને મન ઈન્દ્રિયો સુધી પહોંચીને વિષયો થકી આનંદની ભ્રાંતિ કરાવે છે અને એટલે જ જ્યાંથી આ સુખ આનંદનો પ્રવાહ વહી રહ્યો છે તેને ભૂલીને વિષયોને જ જીવનનું પરમ લક્ષ્ય, પરમ પુરૂષાર્થ માની બેઠા છીએ. ગાઢ નિદ્રામાં અહંકાર લીન થઈ જવાથી આપણો સંસાર પણ સમાપ્ત થઈ જાય છે. સદાકાળ માટે અહંકાર લીન થઈ જાય તો મુક્તિ હાથમાં જ છે.

## ગુરૂ ભક્ત બાળક આરૂણિ

**રજુ. સ્વામી શ્રી મોહનાનંદજી મહારાજ**

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

મહર્ષિ આયોદ ધૌમ્યનાં ત્રણ શિષ્યો ઘણા પ્રસિદ્ધ છે. (૧) આરૂણિ (૨) ઉપમન્યુ (૩) વેદ. એમનામાંના આરૂણિ પોતાના સદ્‌ગુરૂ દેવનાં સૌથી પ્રિય શિષ્ય હતા અને સૌથી પહેલા બધી વિદ્યાઓ પ્રાપ્ત કરીને આ જ ગુરૂના આશ્રમ જેવો બીજો આશ્રમ બનાવવામાં સફળ થયા હતા આરૂણિને ગુરૂજીની કૃપાથી બધા વેદ, શાસ્ત્રો, પુરાણો વગેરે અધ્યયન કર્યા વિના જ આવડી (શીખી) ગયા હતા

**યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ,**
**તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ॥**

સાચી વાત એ જ છે કે જે વિદ્યા ગુરૂદેવની સેવા કરવાથી અને તેમની કૃપાથી પ્રાપ્ત થાય છે, તે જ વિદ્યા સફળ થાય છે. એ જ વિદ્યાથી જીવન સુધરે છે અને બીજાઓનું પણ ભલુ થાય છે. જે વિદ્યા ગુરૂદેવની સેવા કર્યા વિના, પુસ્તકો વાંચીને પ્રાપ્ત કરવામાં આવે છે તે અહંકારને વધારી મૂકે છે. તે વિદ્યાનો સુયોગ્ય ઉપયોગ થવા પામતો નથી. શ્વેતાશ્વર ઉપનિષદમાં કહ્યું છે કે મનુષ્યની દેવતાઓ પ્રત્યે જે પરા ભક્તિ છે એવી જ પરા ભક્તિ પોતાના સદ્‌ગુરૂ ભગવાનમાં હોય તો શાસ્ત્રોનાં ગૂઢ રહસ્ય ગુરૂ ભક્તનાં હૃદયમાં આપો આપ જ પ્રગટ (પ્રકાશિત) થાય છે.

મહર્ષિ આયોદધૌમ્યનાં આશ્રમમાં ઘણાં બધા શિષ્યો હતા. તે બધા પોતાના ગુરૂદેવની ખૂબ પ્રેમથી સેવા કરતા હતા. એક દિવસ સાંજના સમયે વરસાદ પડવા લાગ્યો. વર્ષા ઋતુ વીતી ગઈ હતી. આગળ ઉપર પણ વરસાદ થશે કે નહીં એ કશું કહેવાય તેમ નહોતું પરંતુ અત્યારે તો ઘણાં જોરથી વરસાદ પડી રહ્યો હતો. મહર્ષિએ વિચાર્યું, કે કયાંક પોતાનાં ડાંગરનાં ખેતરની પાળ વધારે પાણી ભરાવાથી તૂટી જશે તો ખેતરમાંથી બધુ પાણી વહી જશે અને પછી જો વરસાદ નહીં થાય તો ડાંગર પાણી વિના સુકાઈ જ જશે. તેમણે આરૂણિને કહ્યું ‘બેટા આરૂણિ ! તું ખેતરમા જા અને ધ્યાન રાખજે કે કયાંક પાળ તૂટી જવાથી ખેતરનું પાણી બહાર નીકળી ન જાય.’

પોતાના ગુરૂદેવની આજ્ઞાથી આરૂણિ તે જ સમયે વરસાદમાં પલળતાં, ખેતરમાં જઈ પહોંચ્યા ત્યાં જઈને તેમણે જોયું કે ડાંગરના ખેતરની પાળ એક જગ્યાએ તૂટી ગઈ હતી અને ત્યાંથી ઘણાં વેગથી પાણી બહાર જઈ રહ્યું હતું. આરૂણિએ ત્યાં માટી નાંખી પાળ બાંધી દેવાનું વિચાર્યું. વરસાદને લીધે માટી ભીની થઈ હોવાથી જેટલી માટી ત્યાં નાંખે તેને પાણી વહાવીને લઈ જતું હતું. ઘણો પરિશ્રમ કરવા છતાં પણ પાળ બાંધી ન શક્યા ત્યારે તૂટેલી પાળની જગ્યાએ પોતે આડા પડી ગયા આરૂણિના શરીરની આડને લીધે પાણી વહી જતું બંધ થઈ ગયું. આખી રાત આડા પડી રહ્યા, ઠંડીને કારણે તેમનું આખુ શરીર અકડાઈ ગયું હતું. પરંતુ ગુરૂદેવ ખેતરનું પાણી વહી ન જાય એ ખ્યાલથી તેઓ ન તો સહેજ હાલ્યા કે ન તો પડખું પણ ફેરવ્યું શરીરમાં ભયંકર વેદના થઈ રહી હતી તો પણ તેઓ ચૂપચાપ પડયા રહ્યા.

સવાર થયુ ત્યારે સંધ્યા પૂજા અને હોમ હવન કરીને બધા વિદ્યાર્થીઓ ગુરૂદેવને પ્રણામ કરી રહ્યા હતા. મહર્ષિ આયોદધૌમ્યે જોયુ કે આરૂણિ પ્રણામ કરવા આવ્યો નથી. મહર્ષિએ બીજા શિષ્યોને પૂછયું કે ‘આરૂણિ કયાં છે ? ’ શિષ્યોએ કહ્યું ‘કાલે સાંજે તમે આરૂણિને ખેતરની પાળ જાળવવા મોકલ્યો હતો ત્યારથી તે પાછો આવ્યો નથી. પછી

તો તે જ સમયે મહર્ષિ શિષ્યોને સાથે લઈને આરૂણિને શોધવા નીકળી પડયા. ખેતરમાં જઈને આરૂણિને પોકાર્યો. આરૂણિથી ઠંડીને કારણે બોલી સુદ્ધાં શકાતુ ન હતું છતાં તેમણે ગમે તેમ કરીને પણ ગુરૂદેવ ને ઉત્તર આપ્યો ત્યારે મહર્ષિ ત્યાં જઈ પહોંચ્યા અને તે આજ્ઞાંકિત શિષ્યને ઉભો કરીને હૃદય સરસો ચાંપી લીધો અને આશીર્વાદ આપ્યા 'પુત્ર આરૂણિ તને બધી વિદ્યાઓ આપો આપ જ પ્રાપ્ત થઈ જાય.' સદ્ગુરૂ ભગવાનનાં આશીર્વાદથી આરૂણિ ઘણા મહાન વિદ્વાન થઈ ગયા.

## સદ્ વ્યવહાર

**બ્રહ્મચારી જયાનંદજી મહારાજ**

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**માનવ જીવનની આધ્યાત્મિક ઉજાતિમાં સહાયક તથા માનસિક પ્રસન્નતા અવં શાંતિની પ્રાપ્તિ કરાવનાર સુવાક્યો.**

(૧) ઘરમાં રોજ સવાર-સાંજ ઈષ્ટદેવને ઘી અથવા તેલનો દીવો કરવો તથા પ્રાર્થના કરવી કે હે પ્રભુ ! મારા અંતરમાં પણ આવો જ ઉજાસ ફેલાવો. જેથી હું અજ્ઞાનના ભયથી મુક્ત થાઉ.

(૨) ઘરની નજીકમાં રહેતા ફરતા પશુ-પક્ષીઓને યથાયોગ્ય ઘાસ, દાણા વગેરે નાખવા તથા પીવાના પાણીના ઠંડા પાત્ર મુકવા.

(૩) આશ્રિત વડીલો, બાળકો, વૃદ્ધો, અતિથિઓ તથા રોગીને જમાડીને પછી જમવું.

(૪) સગા, સ્નેહી, સ્ત્રી, વડીલ, પૂજ્ય, વિદ્વાન, બાળક અને સંતો સાથે વિવાદ ન કરવો. અતિવાદ તથા મિથ્યા વાતો ન કરવી.

(૫) સ્નાન, ભોજન, જળ તથા અન્ય શારીરિક ક્રિયા સમયે મૌન ધારણ કરવું. અનાવશ્યક બોલવાથી શરીરની શક્તિ ક્ષીણ થાય છે. આવશ્યક હોય ત્યાં સત્ય, મધુર અને સંક્ષિપ્ત વ્યાખ્યાન કરવું.

(૬) ચોરી, વ્યસન, જુગાર અને મદિરા પાન વ્યક્તિનું અધઃપતન કરાવનારૂં છે માટે કેવલ દેખા-દેખીથી અનુકરણ કરતા પહેલા વિચાર અને વિવેકનો આશ્રય લેવો.

(૭) જગતમાં નામ માટે તથા કંઈક કરી બતાવવા મથતા લોકો આમ તો અંધારામાં જ ફાંફા મારે છે. માટે અંતરમૂખી થવું જીવનનો સાચો આનંદ પ્રાપ્ત થશે. જીવન સુખી થશે.

(૮) "નામ તેનો નાશ" આ સનાતન્ સત્ય છે તેવું માનીને કર્તવ્ય કર્મ કરતા રહેવું.

(૯) જીવનમાં સારું ધ્યેય હશે તો ધ્યાન લાગશે. ધ્યેય વગરનું જીવન જ ભ્રાંતિ છે.

(૧૦) સર્વ વાતોનું અભિમાન છોડવું. પરમાત્માનું નિયમિત ભજન કરવું. મનને મિથ્યા વિચારોથી છોડાવનાર સારા પુસ્તકોનું વાંચન કરવું. જેથી નિંદા, કુથલી, સમયનાશ વગેરે દોષોથી સ્વાભાવિક રીતે જ બચી શકાય.

(૧૧) જગતની રચના જ આશ્ચર્યજનક છે. તેમાં ઘટી રહેલી ઘટનાઓ એક આશ્ચર્યની જેમ ક્યાં સુધી જોતા રહેશો ? કાળચક્ર (સમયચક્ર) કોઈની રાહ નથી જોતું માટે કુતૂહલ વૃત્તિનો ત્યાગ કરી ધ્યેય તરફ આગળ વધો.

(૧૨) ટી.વી. વગેરે સાધનો આપણા મનોરંજન માટે નથી પરંતુ આપણું ધન, સમય, મન અને શરીરનો વિનાશ કરનારા છે. રાજા ભરથરીનું વચન છે. ભોગાન ભુક્તા -

## ગુરૂ પ્રાર્થના

**રજુ. વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા-પીપળીયા**

કર જોડીને કરૂં વંદના પુષ્પની માળાને ચડાવું ચંદના
ધૂપને દીપ ન ભૂલું કદા ચરણ રાખજો સ્વામીજી સદા
રૂદ્રાક્ષની માળા આપને ધરૂં ભસ્મનું ત્રિપુંડ હાથથી કરૂં
કર્પુરની આરતી કરૂં સર્વદા-ચરણ રાખજો સ્વામીજી સદા-
મન કર્મથી આપને ભજુ-સકળ કાર્ય હું ચિત્તથી તજુ
ગુરૂજ્ઞાનની થાય આપદા-ચરણ રાખજો સ્વામીજી સદા
મળ વિક્ષેપને આવરણનો ભર્યો-તોય ગુરૂજી આપનો કર્યો
પાપ કર્મના ટાળજો ફંદા-ચરણ રાખજો સ્વામીજી સદા
કર જોડીને વાલજી કહે-સેવક આપના ચરણે રહે
સ્તુતિ કરૂં નાથ સર્વદા-ચરણ રાખજો સ્વામીજી સદા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

આપણે બધા કેટલી તન્મયતા થી સતત નિરંતર વિભિન્ન સંતોના મુખારવિન્દથી શાસ્ત્રોના માધ્યમથી ગૂઢ થી ગૂઢ રહસ્ય આપણે શ્રવણ કરતા હોઈએ, ઘણા બધા સંતોના મુખેથી સાંભળીએ, ખૂબ ખૂબ સાંભળીએ પણ એવું થાય, કોઈ માણસને ભૂખ લાગી હોય સ્વભાવતઃ પણ છપ્પન ભોગનો ભગવાન શ્રી કૃષ્ણને થાળ ધરાવે ને એવા છપ્પન ભોગનો થાળ બન્યો હોય તો એ શું કરે ? એ પેલો વિચાર એ કરે કે કયું ખાવું ? પેલું કયું ખાવું ? કેટલું ખાવું ? આવું બધું થવા લાગે, લાગે કે નહીં ? એવું જ બધાને થાય. ઘણા બધા સંતોના માધ્યમથી આપણે ઘણા બધા શાસ્ત્રોના ગૂઢ રહસ્યો શ્રવણ કરીએ ત્યારે મનમાં જિજ્ઞાસા થાય કે હવે આમાં આપણે શું કરવું ? કોઈ સંતશ્રી એ કંઈ કીધું, કોઈ એ કંઈ કીધું, કોઈ શાસ્ત્રના માધ્યમથી વિભિન્નતા જ્યારે સામે આવે તો એમાંથી હવે શું કરવું એવું હકીકતમાં ઘણીવાર માણસ ભ્રમિત થવા લાગે, માણસને મન એમ થાય કે શું કરવું ? મનમાં એવો વિચાર આવે કે આ બધું સાંભળી સાંભળીને ઘરે જઈને શું કરવું ? કારણ કે સાંભળ્યું તો ઘણું બધું ને વાચ્યું પણ ઘણું, પણ ઘણું બધું સાંભળ્યા પછી માણસ જો વિવેકી હોય, સમજુ હોય તો એમાંથી સાર કાઢીને એ સાર પ્રમાણે પોતાનું જીવન બનાવે.

પરંતુ માણસ જયારે ગૂંચવાય અને તીથિ જેવા પ્રસંગમાં જઈ પછી એમ કહે કે હવે આમાં શું કરવું ? ત્યાં તો બધુ ભૂલી પણ જાય. ફલાણાએ આમ કીધું હતુ, ફલાણાએ આમ કીધું આવું બધુ થવા લાગે. હકીકતમાં સત્સંગ કર્યા પછી જો જીવન બનાવવું હોય તો ક્યાંથી શરૂઆત થાય ? ગોકર્ણ પોતાના પિતાશ્રીને સાર રૂપ આ શ્લોક કહે છે. એના પિતાશ્રી ઘણાં બધા દુઃખી થઈ ગયા હતા. સંસારના તાપથી તપી રહ્યા હતા. ત્યારે તેના સુયોગ્ય પુત્ર પોતાના પિતાશ્રીને આ ઉપદેશ આપીને કહે છે કે -

**ધર્મં નિજસ્વ સતતં ત્યજ લોક ધર્માન્**
**સેવસ્વ સાધુપુરૂષાઝ્જહિ કામતૃષ્ણામ્ ॥**
**અન્યસ્ય દોષગુણચિન્તનમાશુ મુક્ત્વા**
**સેવા કથા રસમહો નિતરાં પિબ ત્વમ્ ॥**

જો તમારે કાંઈ કરવું જ હોય, જીવનમાં આગળ વધવું હોય તો સૌથી પહેલા 'ધર્મ ભજસ્વ' હકીકતમાં માણસની શરૂઆત થતી હોય તો પેલા પોતાના ધર્મથી થાય છે. પોતાના ધર્મમાં જે માણસ નિષ્ઠ ન હોય, ધર્મ પરાયણી જીવન ન હોય તો તે કયારેય કોઈ દિવસ કાંઈ કરી શકતો જ નથી એ નિશ્ચિત વાત છે. છેડે ગાંઠ બાંધજો કે જીવનમાં જો શરૂઆત સારી કરવી હોય તો સૌથી પહેલા ઘરમાં ધર્મ પરાયણ વાતાવરણ બનવું જોઈએ. જેના ઘરમાં ધર્મ પરાયણ વાતાવરણ હશે એનું ઘર સ્વર્ગ બનશે. એને ત્યાં કૃષ્ણ કનૈયો લાલો પધારે છે. કયાં પધારે ? જેના ઘરની અંદર વાતાવરણ ધર્મ પરાયણ બનતું હોય, જયાં ધર્મની ચર્ચા થતી હોય એને ત્યાં રામ દોડીને આવે છે એને બોલાવવો નથી પડતો. વાસ્તવિકતા જો જાણવી હોય તો આ પહેલું પગથીયું છે. 'ધર્મ ભજસ્વ સતતં ત્યજ લોકધર્માન્' અને ત્યાંથી જીવનની શરૂઆત થાય છે. બાકી દેખાવા તો ઘણાં બધા થતા હોય અને થાય છે. પરંતુ સંતોના દર્શન કરી તેના ગૂઢ રહસ્યોનું મંથન કરીને જેમ દૂધને મેળવે દહીં બનાવે અને એનું મંથન કરી માખણ કાઢી અને એને તાવે તો 'ઘી' નીકળે એમ સાર રૂપ જીવનને ધર્મ પરાયણ બનાવવું. શાસ્ત્રોમાં કહ્યું છે કે 'ઘી' એ જીવન છે એમ 'ધર્મ એ જીવન છે' અને ધર્મહીન માણસને પશુ સાથે સરખાવ્યા આપાણા શાસ્ત્રોએ.

**આહાર નિદ્રાભયમૈથુનં ચ**
**સામાન્યમેતત્ પશુભિર્નરાણાં ।**
**જ્ઞાનં હિ તેષાંમધિકો વિશેષો**
**જ્ઞાનેન હીના પશુભિઃ સમાનાઃ ॥**

શાસ્ત્રકાર કહે છે ધર્મ વગરનું જીવન પશુમાં ને આપણામાં કોઈ અંતર, કોઈ ભેદ નથી બતાવતો. એટલે સત્સંગની ખાસ વિશેષતા એ છે કે જીવન ધર્મ પરાયણ બનતું જાય. ધર્મ નિષ્ઠ બને અને પોતાની આજુબાજુમાં પણ ધર્મ પરાયણ વાતાવરણ બનાવતા જાય અને જેના ઘર ધર્મ પરાયણ બને તેના બાળકો સંસ્કારી બને અને તે ધર્મમાં ભાગ

લેવા માટે આગળ વધતા હોય છે. કોઈ કહે ધર્મમાં આવવાથી શું ફાયદો ? એનું ઘર સુખી બને.

**સુખાર્થાઃ સર્વભૂતાના મતાઃ સર્વા પ્રવતયઃ ।**
**સુખં ચ ન વિના ધર્માત્તસ્માત્ ધર્મપરોભવેત્ ॥**

પ્રત્યેક વ્યકિતની ઈચ્છા હોય કે હું સુખી બનું તો સાથે સાથે પ્રત્યેક કર્મ પણ એ માટેનું હોય છે કે હું એવું કંઈ કામ કરું કે હું સુખી બનું પછી તે ગમે તે કામ કરવા લાગે પણ મૂળ ઉદ્દેશ સુખી થવાનો હોય છે. એનું રાતનું કામ હોય કે દિવસનું કામ હોય કે ભગવાન જાણે કેવું કામ હોય પણ લક્ષ શું હોય ? સુખી થવાનો. પણ જો કદાચ તેમાંથી સુખ મળે તો ક્ષણિક સુખ મળશે અને કયા તો એ સુખની સાથે ભારો બંધ દુઃખ આવે છે. એ ક્ષણિક સુખ ભોગવવા જાય પણ એની સાથે ઢગલાબંધ દુઃખ લઈને આવતું હોય એવું સુખ પણ ઘણી વાર આવી જાય છે. ભૂલમાં એ જીવનને બરબાદ કરી નાખે છે. જયારે ધર્મની સાથે જે સુખ આવ્યું હોય ને તે કયારેય જીવન બરબાદ કરતું નથી. હંમેશા જીવનને તારે છે. જે હંમેશા જીવનને તારે એ વાસ્તવિક સુખ કહેવાય. ઓલું તો સુખનો ભ્રમ છે. સુખના ભ્રમને આપણે ભૂલથી સુખ માની બેસીએ ને એની પાછળ દોડીએ છીએ અને એ દોડતા દોડતા આજ સુધી દોડતા આવ્યા પણ કયારેય વાસ્તવિક સુખનો અનુભવ નથી થયો. થયો છે ? વાસ્તવિક સુખ ધર્મની અંદર સમાયેલું છે અને એ સુખ પ્રાપ્ત કરવા માટે સર્વ પ્રથમ આપણે આ વિવિધ સંતોના દર્શન કરી એમની પાસેથી ગૂઢ રહસ્ય ગ્રહણ કરી અને જીવન બનાવવાનો મૂળ મંત્ર ગ્રહણ કરવો જોઈએ. આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ કે, હે પ્રભુ ! અમારું જીવન હંમેશને માટે ધર્મ પરાયણ બને. 'ત્યજ લોક ધર્માન્' પછી શું થાય ? લૌકીક ધર્મ, લૌકીક વ્યવહાર ધીમે ધીમે ઓછો થતો જાય અને જો જો તમે જેનું જીવન ધર્મ પરાયણ હશેને એ વ્યકિત હંમેશા એના લૌકિક વ્યવહાર ઓછા કરતા હશે. લૌકિક ધર્મનો ધીમે ધીમે ધીમે પરિત્યાગ થતો જતો હોય ત્યારે આ બાજુ વૃદ્ધિ થતી હોય, આ મીટર છે માપવાનું. જ્યારે આપણું જીવન ધર્મ પરાયણ બનતું હોય ત્યારે લૌકિક ધર્મ ધીમે ધીમે ઓછો થતો જતો હોય ત્યારે સમજવું જોઈએ કે આપણું જીવન કાંઈક સાચે રસ્તે જાય છે અને જયારે બીજી તરફ વધતું હોય તો સમજવું જોઈએ કે આમાં કાંઈક ભૂલ થતી જાય છે. આપણે શ્રવણ તો ખૂબ કર્યું, સેવા તો ખૂબ કરી પરંતુ એ સેવામાં કાંઈક ભૂલ રહી ગઈ છે. લૌકિક ધર્મ પ્રત્યેનું આકર્ષણ જયારે મનની અંદર ઘર કરીને બેઠેલું દેખાય તો સમજવું જોઈએ કે હવે મારું પ્રભુ તરફ ધ્યાન ઓછું દેખાય છે. મારે પ્રભુ તરફ વધારે ધ્યાન આપવું જોઈએ. પરંતુ જયારે જીવન પ્રભુમય બને ત્યારે જીવનમાં હકીકતમાં શાંતિની અનૂભુતી થાય છે. પણ જયારે જીવન ધર્મ પરાયણ બને અને લૌકિક તરફ ધ્યાન ઓછું થાય ત્યારે શું શરૂઆત થાય ? 'સેવસ્વ સાધુ પુરૂષા' ત્યારે હકીકતમાં સેવા શરૂ થાય અને પેલી જે સેવા કરતા હોઈએને; ન કહેવું જોઈએ પણ એ સેવામાં કાંઈક અભિમાન સમાય ગયું હોય છે એ સેવાનો જેવો લાભ મળવો જોઈએ એ નથી મળતો. એનું કારણ એ જ જ્યારે જીવન ધર્મ પરાયણ બની લૌકિક ધર્મ તરફનું ધ્યાન ઓછું થઈને જ્યારે સેવા કરે ત્યારે તે વાસ્તવિક સેવા હોય છે અને પેલું તો થોડીક ભીડ પડે એટલે કહે કે સ્વામીજી ! અમે હમણાં આવીએ છીએ થોડું કામ આવી ગયું છે, થાય કે નહીં ? પણ જ્યારે ધર્મ પરાયણ જીવન બને, લૌકિક ધર્મને વ્યવહારને સમેટી અને પછી સેવા કરવા નીકળે ત્યારે એ વાસ્તવિક સેવાનો આનંદ, એનો રંગ કાંઈક અનેરો હોય અને એ રંગમાં માણસ જયારે રંગાય પછી એને એમ ન કહેવું પડે કે લાલા મારી ચૂંદડીને રંગી દે. એ સ્વતઃ રંગાય જાય, સ્વતઃ જીવન રંગાય જાય ત્યારે એ બોલી શકે કે

**લાલી મેરે લાલ કી, જીત દેખું તીત લાલ,**
**લાલી દેખન મેં ગઈ, મેં ભી હો ગઈ લાલ.**

પછી જયારે મહાપુરૂષોનો સંગ કરે ત્યારે સ્વતઃ એનું જીવન સંત મય બની જાય અને એ વંદનને પાત્ર બને છે. તો પ્રભુ આપણા બધાનું જીવન વંદનને પાત્ર બનાવે એવી પ્રાર્થના સાથે સર્વને મારા.

**॥ જય સચ્ચિદાનંદ ॥**

# પુરુષાર્થ અને પ્રભુકૃપાથી ધબકતું માનવજીવન રજુ. એલ. જે. સોનાણી (ચકમપર)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પુરુષાર્થ એ પ્રગતિનો પાયો અને સિદ્ધિનું સોપાન છે. કોઈપણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ એ અનુપમ ચાવી છે. પરિશ્રમ એ એવો પારસમણિ છે કે જેના વડે મનુષ્યો કીર્તિ, કાંચન, કસબ અને કૌવતના શ્રેષ્ઠ શિખરો ઉપર બિરાજમાન થઈ શકે છે. જીવનમાં સફળતા હાંસલ કરવા તથા ચૈતન્ય નિર્માણ કરવા પુરુષાર્થ ઉત્તમ સાથી છે. માનવ પોતાનો સર્વતોમૂખી વિકાસ પુરુષાર્થના બળે સાધી શકે છે. પુરુષાર્થ વિના કાર્યસિદ્ધિ અસંભવિત છે. ઉદ્યમ વડે જ સર્વે કાર્યો સિદ્ધ થાય છે. નહીં કે ઈચ્છા કે મનોરથ માત્રથી. પરિશ્રમ વગર માનવ એકપણ ડગલું આગળ વધી શકતો નથી. આપણા ધર્મશાસ્ત્રો પણ પુરુષાર્થને એક તપ તરીકે ઉલ્લેખીને તેના મહત્વને સ્પષ્ટ કરે છે. ભોજન કરવું હશે તો હાથ વડે કોળિયો ઉપાડી મોઢામાં મૂકવો પડશે, પરીક્ષામાં સફળતા મેળવવા વાંચવું પડશે, ખેડૂતે પાક લેવા માટે પરસેવો પાડી ખેતર ખેડવું પડશે, સિદ્ધિ મેળવવી હોય તો સાધના કરવી પડશે. કર્મિષ્ઠ બન્યા વિના કશી ઉપલબ્ધિ સાંપડશે નહીં તે યથાર્થ છે. મોક્ષ મેળવવો હોય તો પ્રભુસ્મરણ આવશ્યક છે. પુરુષાર્થ વિના કશું શકય જ નથી. પુરુષાર્થ એ દરેક માનવ માટે પાયારૂપ પરિબળ છે. પુરુષાર્થ માનવધર્મ છે. પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે. પરમાત્મા પુરુષાર્થીને સહાય કરે છે. મનુષ્યનું ગૌરવ, વ્યકિતત્વ, તેની શ્રેષ્ઠતા તથા તજજ્ઞતા પુરુષાર્થના માધ્યમ દ્વારા ઉપસી આવે છે.

પુરુષાર્થ અને પ્રગતિ એક સિક્કાની બે બાજુ છે. પુરુષાર્થ વિના પ્રગતિ સાધી શકાતી નથી. તેવી જ રીતે પ્રગતિ માટે પુરુષાર્થ આવશ્યક છે. આળસ, નિષ્ક્રિયતા, નિર્ઘમીપણું તથા કાર્યવિભુખતા અવનતિનું નિશાન છે. તે માનવ જીવનના શત્રુ છે. મનુષ્ય જીવનને ધબકતું રાખવા માટે જેમ ફેફસાની આવશ્યકતા છે, તેમ જીવન વિકાસ અર્થે પુરુષાર્થ અને પ્રભુકૃપા એટલાં જ આવશ્યક છે. કહ્યું છે કે, "સિદ્ધિ તેને જઈને વરે, જે પરસેવે ન્હાય." પુરુષાર્થ ઉન્નતિનું પ્રેરકબળ છે.

પુરુષાર્થ એ શકિતનો ફુવારો છે. પુરુષાર્થરૂપી શક્તિના ફુવારા વડે માનવ પોતાના જીવનરૂપી બાગને નવપલ્લવિત કરી તેજપુંજ પ્રગટાવી ઉન્નતિનો જાજવલ્યમાન સંદેશ સમાજ સમક્ષ મૂર્તિમંત કરી શ્રમના મહિમાને પુરવાર કરે છે. માનવનું ગૌરવ અને ગરીમા પરિશ્રમમાં રહેલું છે. કીડી જેવું નાનું જંતુ પણ આપણને ઉદ્યમ કરવાની શીખ તથા પ્રેરણા અર્પે છે. વ્યવહાર અને પરમાર્થમાં પુરુષાર્થ અત્યંત જરૂરી છે. પુરુષાર્થ વિનાનો માનવ મુડદા જેવો ચૈતન્યહીન ગણાય છે. સિંહે પણ શિકાર કરવા માટે ઉદ્યમ કરવો પડે છે. સૂતેલા સિંહના મુખમાં હરણાઓ આપમેળે પ્રવેશી જતાં નથી. પુરુષાર્થથી કાર્યસિદ્ધિ થાય છે, માત્ર આકાંક્ષાઓથી નહીં.

કાર્યમાત્ર માટે પુરુષાર્થ પૂર્વ શરત છે. નદીને પાર કરવા માટે કિસ્તીની જરૂર પડે, મોટરને ગતિશીલ રાખવા પેટ્રોલની જરૂર પડશે, દિવસને અજવાળવા સૂર્યની જરૂર પડશે, સાડીના શણગાર માટે પાલવની જરૂર પડશે, રાત્રિની શોભાવૃદ્ધિ અર્થે ચંદ્રની જરૂર પડશે, અંધારાને દૂર કરવા પ્રકાશની જરૂર પડશે, દીવાને જવલંત રાખવા તેલની જરૂર પડશે, તે જ પ્રમાણે સિદ્ધિના સોપાનો સર કરવા પુરુષાર્થની જરૂર પડશે જ. પુરુષાર્થ વિના પ્રગતિ આકાશકુસુમવત્ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ "કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન" કહી કર્મના ગૌરવ અને મહિમાને પ્રબોધે છે. "કર્મણૈવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ જનક વેગેરે કર્મ વડે જ પરમ સિદ્ધિને પામ્યા છે. ગીતા તો ત્યાં સુધી કહે છે કે "યોગઃ કર્મસુ કૌશલમ્" કર્મોમાં કુશળતા એ યોગ છે. પુરુષાર્થ કરી પ્રભુકૃપાથી પ્રાપ્ત થતી પ્રસાદીને પામીએ. માનવજીવનને ધબકતું રાખવા પુરુષાર્થ તથા પ્રભુકૃપાને પ્રાધાન્ય આપી પ્રગતિના પંથને પ્રકાશિત કરીએ. પુરુષાર્થ તથા પ્રભુકૃપા બન્ને સફળતાના દ્યોતક છે. પુરુષાર્થ તથા પ્રભુકૃપા એ એક સિક્કાની બે બાજુ છે અને આથી જ સુંદર સફળતાના પાયામાં પુરુષાર્થ અને પ્રભુકૃપાની શિલાઓ જરૂરી છે. પુરુષાર્થી વ્યક્તિ કઠિન કાર્યોને સરળતાથી સિદ્ધ કરી શકે છે. હરકોઈ વ્યકિતમાં અનેરી તથા અનેકગણી શકિત રહેલી હોય છે. સુષુપ્ત શક્તિને જાગૃત કરી કાર્યાન્વિત કરવાથી શ્રેષ્ઠ પરિણામ હાંસલ થાય છે, જીવન ઉત્કૃષ્ટ બને, ઝળહળી ઊઠે, દીપી ઊઠે, તેજસ્વી બને, પ્રાણવાન બને.

આપણે સહુ પુરુષાર્થનો પાલવ પકડી, હૃદયમાં પ્રભુને બિરાજિત કરીને સદ્કર્મ તરફ સતત કર્મિષ્ઠ રહીએ તેવી પ્રભુપ્રાર્થના...

## કામ કરો બસ કામ

રજુ. ભગવાનભાઈ સી. ભલાણી (વલ્લભીપુર)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

કામ કરો બસ કામ, કામ કરવાથી પોતાનું સારૂં થાય છે. ઘરમાં સારું થાય છે. સારું કામ કરવાથી દેશનું પણ સારું થાય છે. કામ કરનારા જ બધાને ગમે છે. નવરા માણસો કોઈને ગમતા નથી, એટલે તો આપણે ત્યાં કહેવત છે કે, 'નવરો નખ્ખોદ વાળે, એટલે નવરૂં તો રહેવું જ નહીં, નવરા માણસનો ઘરમાં પણ કોઈ આદર કરતું નથી, વારંવાર અપમાન સહેવા પડે છે. બીજાને આધારે જીવવું પડે એના કરતાં તો કામ કરીને પણ અડધો રોટલો ખાવો મીઠો લાગે છે. આપણે ત્યાં સરકાર ગરીબ માણસોને મફત ભોજન આપે છે. અન્નક્ષેત્ર સંસ્થાઓ પણ ભૂખ્યા માણસોને જમાડવા નીકળે છે. આમાં નવરા માણસો લાભ લઈ જાય છે એ પણ જોવું જરૂરી છે કે આ વ્યકિત જરૂરતમંદ છે કે ? નવરો છે ?

જે કામ નથી કરતો એ તો ગરીબ રહેવાનો જ છે. ખરેખર જો બધા વ્યકિત કામ કરતા હોય તો આપણા દેશમાં ગરીબી ટકી શકે તેમ નથી. જે કામ કરે છે તેને પોતાના ભરણપોષણ જેટલું મહેનતાણું મળી જ રહે છે. ગરીબી છે જ કયાં ?

ક્યારેય પોતે પોતાને ગરીબ સમજવો નહીં અને બીજાને પણ ગરીબ સમજવો નહીં. પરમાત્માએ બધાને એક સરખા જ આ ધરતી ઉપર મોકલ્યા છે. પણ અમુક વર્ગ એવો છે કે એને મફતનું જ ફાવે છે, એટલે કામ નથી કરતા અને નવરા પડયા રહેતા હોય છે. નવરો માણસ ભગવાન કૃષ્ણને ગમતો જ નથી, ભીખ માગનારો પણ ગમતો નથી.

એટલે તો જુઓને અર્જુને જયારે એમ કહ્યું કે આ યુધ્ધ કરતા તો અમને પાપ લાગે અને પોતાના સ્વકર્મથી હટી જવા માગતા હતા અને એમ પણ કહ્યું કે હું ભિક્ષા વૃત્તિથી જીવન નિર્વાહ કરીશ. ત્યારે ભગવાન કૃષ્ણ એના પર ગુસ્સે થાય છે અને અર્જુનને ગાળ આપે છે.

**કલૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે ।**
**ક્ષુદ્રં હ્દયદૌર્બલ્યં ત્યકત્વોત્તિષ્ઠ પરન્તપ ॥**

આથી હે પાર્થ ! નપુંસકતાને વશ ન થા, તને એ શોભતુ નથી. ભગવાને નપુંસક શબ્દનો પ્રયોગ કર્યો છે, આ ગાળ નહીં તો બીજું શું ? આપણે આ સમાજમાં કોઈ શૂરવીર માણસને નપુંસક કહીશું તો એને ગાળ નહીં લાગે ? શું એ સાંભળી લેશે ?

એટલે જ ભગવાનને, સ્વકર્મ છોડીને ભાગનારા કયારેય ગમતા નથી. અર્જુને પણ સ્વકર્મ (યુધ્ધ) છોડવાની જ વાત કરી હતીને ? ત્યારે ભગવાને એને કહ્યુ કે, હ્દયમાં આવેલી આ ક્ષુદ્ર દુર્બળતાને છોડીને (યુધ્ધ કરવા) એટલે કે કર્મ કરવા ઊભો થઈ જા.

અર્જુન યુધ્ધના પ્રસંગમાં છે એટલે યુધ્ધ શબ્દનો પ્રયોગ થાય છે અને એવી જ રીતે દરેક વર્ણના પુરૂષોએ કર્મ સમજવુ જે પોતાનો વર્ણ-આશ્રમ હોય જેવું પોતાનું કામ હોય, એ કામ જરૂર કરવું જોઈએ કર્મ છોડીને ભાગનારા નપુંસક જ કહેવાય ને ! બીજુ શું ? શ્રીમદ્ ભગવદ્ગીતાના બીજા અધ્યાયનો ૩૧ મો શ્લોક છે. કર્મ માટે

**''સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ''**
**ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્ય ન વિદ્યતે**

વળી, સ્વધર્મને જોતાં પણ તારે ભય પામવો ન જોઈએ. કેમકે ક્ષત્રિય માટે ધર્મયુક્ત યુધ્ધથી વધીને બીજુ કોઈ કલ્યાણકારી કર્તવ્ય નથી. એવી જ રીતે બીજા વર્ણના લોકો માટે પણ પોતાના સ્વધર્મે મળેલું સ્વકર્મ જ કલ્યાણકારી કર્તવ્ય છે.

**અથ ચેત્ત્વમિમં ધર્મ્ય સંગ્રામં ન કરિષ્યસિ ।**
**તતઃ સ્વધર્મ કીર્તિં ચ હિત્વા પાપમવાપ્સ્યસિ ॥**

આગળ કહે છે. આમ છતાં પણ જો તું આ ધર્મયુકત યુધ્ધ નહીં કરે, તો સ્વધર્મ અને કીર્તિને ગુમાવીને પાપને પામીશ. આ શ્લોકથી ભગવાનનું કહેવું છે કે પોતાનો સ્વધર્મ છોડીને ભાગનારા અને પોતાનું સ્વધર્મ છોડીને બેસી રહેનારા પાપ મેળવે છે. નવરા રહેનારા પાપ ભેગુ કરે છે. એવા નવરા લોકોની સમાજમાં પણ અપકીર્તિ થાય છે અને અપમાન થાય છે. વેરી લોકો સામર્થ્યની નિંદા કરતા કરતા ન કહેવા જેવા વચનો પણ કહેશે એનાથી વધારે દુ:ખ બીજું શુ હશે ?

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।**
**માં કર્મફલહેતુર્ભૂર્મા તે સં ોઽસ્ત્વકર્મણિ ॥**

ભગવાનનો ઓર્ડર છે, તારો કર્મ કરવામાં જ અધિકાર છે, કર્મથી ભાગ નહીં. ફળની ઈચ્છા વિનાનો બનીને કર્તવ્ય બુધ્ધિથી કર્મ કર, તારી કર્મ ન કરવામાં કયારેય પણ આસકિત ન થાઓ, બસ કામ કરો કામ.

ભગવાન આપણા બધા માટે કહે છે, "સમત્વં યોગ ઉચ્યતે" જે કંઈ પણ કર્મ કરવામાં આવે, એ પુરૂં થાય કે ન થાય તેમજ તેનું ફળ અનુકૂળ કે પ્રતિકૂળ મળે, તેમાં સમભાવ રહેવો તેનું નામ 'સમત્વ' છે.

ફળ તેમજ આસકિતને છોડીને ભગવાનની આજ્ઞા પ્રમાણે કેવળ ભગવાન અર્થે સમત્વ બુધ્ધિથી કર્મ કરવું તેનું નામ "સમત્વયોગ" કહ્યું છે.

ખરેખર કોઈ પણ માણસ કદીયે ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વિના નથી રહેતો, કેમ કે આખાય મનુષ્ય સમુદાયને પ્રકૃતિ જ નિત ગુણો વડે પરવશ થઈને પણ કર્મ તો કરવું જ પડે છે. જે મૂઢ બુધ્ધિનો મનુષ્ય સઘળી ઈન્દ્રિયોને હઠપૂર્વક ઉપર-ઉપરથી રોકીને મનથી તે ઈન્દ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે છે, તે મિથ્યાચારી અર્થાત્ દંભી કહેવાય છે. આથી તું શાસ્ત્ર વિહિત સ્વધર્મરૂપી કર્તવ્ય કર્મ કર, કેમ કે કર્મ ન કરવા કરતાં તો કર્મ કરવું જ શ્રેષ્ઠ છે, તેમજ કર્મ ન કરવાથી તો તારો શરીર-નિર્વાહ પણ સિધ્ધ નહીં થાય. આ સૃષ્ટિ ચક્ર પણ કર્મ ધ્વારા જ ચાલે છે. વરસાદથી અન્ન ઉત્પન્ન થાય છે, અન્નથી મનુષ્યની ઉત્પત્તિ થાય છે, મનુષ્ય કર્મ કરે તો સમાજ રચના સારી રીતે ચાલે.

જે મનુષ્ય આ લોકમાં આ પ્રમાણે પરંપરાથી પ્રચલિત સૃષ્ટિચક્રને નથી અનુસરતો, અર્થાત પોતાના ભાગનું કામ નથી કરતો, તે ઈન્દ્રિયો વડે ભોગોમાં રમનારો પાપાચારી મનુષ્ય ફોગટ જ જીવે છે. જે કામ નથી કરતો તે પાપ જ ભેગુ કરે છે.

જનક વગેરે જ્ઞાની જનો, સ્વામીજીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વગેરે જ્ઞાની જનો પણ લોકસંગ્રહને માટે કર્મ કરતા હતાં, શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે અન્ય માણસો પણ તેને જ આચરે છે, મારે આ ત્રણેય લોકોમાં ન તો કશું કર્તવ્ય છે કે ન કશીયે પ્રાપ્ત કરવા જેવી વસ્તુ અપ્રાપ્ત છે, છતાંય હું કર્મમાં જ પ્રવર્તુ છું. અર્થાત હે પાર્થ તારા માટે કર્મ કરવું એ જ ઉચિત છે.

કેમ કે હે પાર્થ ! જો હું કદાચ સાવધાન થઈને કર્મોમાં ન વર્તુ તો ભારે હાનિ જાય, કારણ કે માણસો બધી રીતે મારા જ માર્ગનું અનુસરણ કરે છે, આથી જો હું કર્મ ન કરું તો આ બધા માણસો નષ્ટભ્રષ્ટ થઈ જાય અને હું સંકરપણાનો કરનાર બનું તથા આ બધી પ્રજાને નષ્ટ કરનારો બનું માટે હે પાર્થ તું પણ લોકસંગ્રહની ઈચ્છા રાખીને આ પ્રમાણે કર્મ કર.

**મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મ ચેતસા ।**
**નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ॥**

મુજ અન્તર્યામી પરમાત્મામાં પરોવાયેલા ચિત્ત ધ્વારા સઘળાં કર્મોને મારામાં સમર્પીને ઈચ્છા વિનાનો, મમત્વ વિનાનો અને સંતાપ વિનાનો થઈને તું યુધ્ધ કર, જે માણસો દોષદષ્ટિ વિનાના અને શ્રધ્ધાળુ બનીને મારા આ મતને સદા અનુસરે છે, તેઓ પણ સર્વ કર્મોથી છૂટી જાય છે. પણ જે માણસો મારામાં દોષારોપણ કરીને મારા આ મત અનુસાર નથી ચાલતા. એ મૂર્ખાઓને તો તું સર્વ જ્ઞાનોમાં મોહિત અને નષ્ટ થયેલા જ સમજ.

સર્વ પ્રાણીઓ પ્રકૃતિને પામે છે એટલે કે પોતાના સ્વભાવને વશ થઈને કર્મો કરે છે. જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ અનુસાર ચેષ્ટા કરે છે.

**શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વધર્મે નિધનંશ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥**

સારી રીતે આચરવામાં આવેલા અન્યના ધર્મ કરતાં (અહીં ધર્મ એટલે પોતાનું સ્વકર્મ, સંપ્રદાય નહીં.) ગુણ વિનાનો હોવા છતાં પણ પોતાનો ધર્મ ઘણો ચઢિયાતો છે, પોતાના ધર્મમાં તો મરવું પણ કલ્યાણકારી છે. જ્યારે અન્યનો ધર્મ તો ભયપ્રદ છે. દા.ત. અર્જુન ભીખ માગે તો એ અન્યનો ધર્મ આચર્યો ગણાય.

**''સ્વે સ્વે કર્મણ્યભિરતઃ''**

પોતપોતાના સ્વાભાવિક કર્મમાં તત્પરતા પૂર્વક જોડાયેલો માણસ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિધ્ધિને પામી જાય છે. એટલે હંમેશા પોતાના સ્વધર્મે મળેલું કર્મ અવશ્ય કરવું જ જોઈએ. "નવરૂ તો રહેવું જ નહીં"

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પ્રિય સજ્જનો,

પરમાત્માની પરમકૃપાથી આપણને આવો મોંઘો માનવ જન્મ મળ્યો છે. માનવ જન્મમાં ભગવાનનો લાભ બધા કરતા ઉત્તમ લાભ છે એટલે પ્રભુભક્તિનો લાભ લેવા માટે હંમેશા મનુષ્યે તત્પર રહેવું જોઈએ. ભગવાનની કથા સાંભળવી એ પણ ભગવાનની શ્રવણ ભક્તિ છે. નવ પ્રકારની ભક્તિમાં ભગવાનની કથા સાંભળવી એ પણ ભગવાનની ભક્તિ છે. પરીક્ષિત રાજાએ ભગવાનની કથા સાત દિવસ સાંભળી. તેથી મોક્ષ ગતિને પ્રાપ્ત થઈ ગયા. આપણે પણ એક ધ્યાનથી, પ્રેમથી, શ્રદ્ધાથી, ઉમંગથી જો કથા સાંભળીએ તો આપણો પણ બેડો પર થઈ જાય, કલ્યાણ થઈ જાય, મુક્ત થઈ જઈએ. ગીતાના પ્રથમ અધ્યાયનું નામ છે, વિષાદયોગ. મનુષ્યના જીવનની અંદર જયારે વિવેક જાગ્રત થાય ત્યારે મનમાં વિષાદ થાય કે હવે ઘણાય જન્મ મેં આમાં ને આમાં ગુમાવ્યા. હવે મારે સારે માર્ગે વળવું જોઈએ. સત્યનો રસ્તો પકડવો જોઈએ. એવી ભાવના હૃદયમાં પ્રગટ થાય છે, ત્યારે એ માનવ વિષાદમાં પડી જાય છે. આ જગતની અંદર બે પ્રકારની ભાવના હોય છે. એક અસુરી ભાવના ને બીજી દૈવી ભાવના. હંમેશા દૈવી ભાવનાને આસુરી ભાવનાનું યુદ્ધ ચાલુ હોય છે. આપણે એજ મહેનત કરવાની છે કે આપણી અંદર દૈવી ભાવના વધે ને આસુરી ભાવના ઘટતી જાય.

**શુભાશુભાભ્યાંમ્ ચથાભ્યામ્ વહતી વાસના સરીત્**
**પૌરુષે ન પ્રયત્નેન યોજનીયા શુભે યથી :**

માનવના જીવનની અંદર શુભ વાસના અને અશુભ વાસના એ બંન્ને ચાલ્યા જ કરે છે. તેમાં મનુષ્યને એ મહેનત કરવાની છે કે “યોજનીયા શુભે પથીઃ” આપણી ભાવનાઓ આપણી ઈચ્છાઓ શુભ થવી જોઈએ. શુભ ઈચ્છા થાય તો શુભ કર્મ થાય ને શુભ કર્મ થાય તો શુભ ફળ પ્રાપ્ત થાય એટલે વશિષ્ટજીએ રામને કહ્યું કે “શુભેન આસાદ્યાને શુભમ, અશુભેન અશુભં રામ યથેસ્યસી તથા કુરુ” શુભ વાસના દ્વારા શુભફળ પ્રાપ્ત થાય છે, ને અશુભ વાસના દ્વારા અશુભ ફળ પ્રાપ્ત થાય છે. તો આપણા જીવનની અંદર આસુરી વૃતિ જાગ્રત થતી હોય તેને વારંવાર કાઢવા પુરુષાર્થ કરવો. સદ્ભાવનાઓ સદ્વૃતિઓ હૃદયની અંદર વધારતી રહેવી જોઈએ એને માટે આપણે ભગવત ગીતાની યુદ્ધની કથા જે શ્રવણ કરી રહ્યા છીએ. તો આપણે માટે જયારે યુદ્ધ કરવાનું કહે ત્યારે સમજવાનું કે આપણે કામને, ક્રોધને, લોભને જીતવા બળવાન થવું જોઈએ. હિંમતવાળું થવું જોઈએ. તાકાતવાળુ થવું જોઈએ.

**‘‘પ્રભુનો મારગ છે શુરાનો નહી કાયરનું કામ જો ને..’’** ખૂબ હિંમત પૂર્વક બેસવું જોઈએ.

**‘‘ભકિત શુરવીરની સાચી રે**
**લીધા પછી ના મેલે પાછી**
**શબ્દના ગોળા જ્યારે છૂટવા લાગ્યા**
**ત્યારે મામલે રહ્યા ભડમાસી**
**પાંચ પચ્ચીસને અળગા મેલ્યા**
**પછી એક બ્રહ્મ રહ્યો ભાસી રે ભક્તિ...**

શુરવીર એ” કહેવાય કે જે રસ્તો પકડયો હોય તેને પૂરો કરે, વચમાંથી થાકી જાય, કંટાળી જાય, હેરાન થઈ જાય, પાછો પડી જાય એ કાયર કહેવાય, નબળો કહેવાય.

**‘પ્રારભ્યતે ન ખલુ વિઘ્નભયે ન નીચૈઃ**
**પ્રારભ્ય વિઘ્નવિહિતા વિરમન્તિ મધ્યાઃ ।**
**વિઘ્નૈઃપુનઃ પુનરપિ પ્રતિહન્યમાનાઃ,**
**પ્રારભ્ય ચોત્તમજના ન પરિત્યજન્તિ ॥’**

જે પ્રારંભ કરીને તરત થાકીને બેસી જાય તે સાવ અધમ જીવો કહેવાય છે. ઘણા સાવ નબળા તો પ્રારંભ નથી કરતા બીજા જીવો છે કે આપણાથી ન થાય. આપણે તો સંસારી કહેવાય, આપણે હલકા કહેવાય, આપણાથી ન બને. એવા નબળા લોકો તો સત્સંગ ભજનમાં જતા પણ નથી. એનું કામ આદરતા પણ નથી. થોડા લોકો આદરે તો કઈ દુઃખ આવે કે તકલીફ આવે તો તરત છોડી દે છે. ઉત્તમ પ્રકારના પુરુષો એ છે કે “વિઘ્ન પુન...” ઉત્તમ માનવો એ છે કે જે સારા કામનો આદર કર્યા પછી છોડે નહીં, પુરે પૂરું કરે છે...

**ક્રમશ.......**

**જય સચ્ચિદાનંદ**

# ❁ વિજળીના ચમકારે મોતીડાં પરોવો

મુ.લે. અમૃતલાલ ભાવસાર
રજુ. પોપટલાલ ફૂકડીયા (ચમારડીવાળા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

ગુજરાતમાં જે સંતો થઈ ગયા એમા ગંગાસતીનું સ્થાન ખૂબ ઉચું છે. સૌરાષ્ટ્રમાં તો ગંગા સતીને સંત શિરોમણી તરીકે ઓળખવામાં આવે છે. ગંગાસતીએ પાનબાઈને ધર્મ અંગેનો માર્મિક ઉપદેશ આપેલો છે.

વિજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ.....

ગંગાસતીનું આ પ્રાચીન લોકપ્રિય ભજન આપણે ઘણીવાર સાંભળ્યું. પણ એનો માર્મિક અર્થ અદ્ભુત છે.

સૌ પ્રથમ જોઈએ કે ગંગાસતી અને પાનબાઈને પરસ્પર શું સંબંધ છે ? ગંગાસતીના બધા ભજન પાનબાઈને ઉદ્દેશીને લખાયેલા છે. પ્રચલીત જાણકારી કહે છે કે બંને સાસુ વહુ હતા. સાસુએ વહુને ભકિતને માર્ગે વાળ્યા. વર્તમાન સમયમાં આપણે આ ઘટનાને આશ્ચર્યજનક માનીશું કારણ કે આજે તો પરિવારોમાં સાસુ વહુના ઝઘડાંને કારણે ઘણી વહુઓ આત્મહત્યા કરે છે. તો કયાંક સાસુને ઘરડાં ઘરમાં જવાનો વારો આવે છે. ઝઘડાંનું મૂળ સામાન્ય હોય છે. કરિયાવર ઓછો લાવી છે. તારો બાપ ભિખારી છે. આવા કટુ વચનના કારણે અને મહેણાં ટોણાંથી કંકાસ વધે છે છેવટે અલગ ચૂલા મંડાય છે પણ ગંગાસતી અને પાનબાઈનો ઈતિહાસ અજોડ છે. તેઓ બંને સાસુ વહુ બની ઝઘડવાને બદલે ગુરુ-શિષ્ય બની ભકિતને માર્ગે વળે છે. એવું આજે અશકય છે.

પાનબાઈ પ્રશ્નો પૂછે છે અને ગંગાસતી માર્મિક ભજનો અને ઉપદેશના રૂપે જવાબો આપે છે.

વિજળીના ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ.....

એમાં ગંગાસતીએ ઘણું કહી દીધું છે. પાનબાઈ શાનમાં આ ભાષા સમજી જાય છે. વિજળીના ચમકારા ક્ષણિક હોય છે. એનું અજવાળું એ સળગતા તારના લીસોટાં જેવું હોય છે.

આવા કપરા-અઘરાં સમયમાં મોતીડાં કેવી રીતે પરોવાય ? સમગ્ર ભજન આપણાં જીવન સાથે આધ્યાત્મિક રૂપે જોડાયેલું છે. આ ભજનમાં સત્કર્મોરૂપી મોતીડાં પરોવવાની વાત છે. જીવન ક્ષણ ભંગૂર છે. જીવનનો કોઈ ભરોસો નથી. કોઈ અકસ્માતે મરે. કોઈ રોગથી મરે છે. કોઈ પૈસાદાર ગુંડાની ગોળીથી લુંટાઈ ઘવાઈને મરે છે. તો કોઈ વાત કરતા કરતા હાર્ટ એટેકથી ટપ દઈને મરે છે. પાનબાઈને ગંગાસતી કહે છે કે જીવન વિજળીના ક્ષણિક ચમકારા જેવું છે. મોતીડાં પ્રતિકરૂપે છે. મોતીડાં કયાંય નથી. માત્ર કલ્પના છે. ઉપર બતાવેલ કારણો પૈકી મોત ગમે ત્યારે ગમે તે રૂપે આવશે. જીવન જીવીલો પણ ભૌતિક સુખોના મોતીડાં નથી બતાવ્યા, ઘર બનાવવું, બેંક બેલેન્સ વધારવુ, સોનું ખરીદવુ, દીકરા-દીકરી પરણાવવા એ બધું વીજળીના ચમકારા રૂપી ક્ષણમાં વહી જશે. ગંગાસતી કહે છે, પ્રભુ ભકિતથી આત્મજ્ઞાનના દિવ્ય સાક્ષાત્કારના મોતીડાં પરોવી લ્યો નહીંતર અચાનક અંધારા આવશે. અંત ઘડીએ વિચાર આવશે કે જીવનતો વહી ગયુ, પ્રભુ ભકિત પણ ન થઈ અને પ્રભુનું તેડું આવ્યું. પુરૂ ભાવવાહી ભજન જીજ્ઞાસા સંતોષે તેવું છે. પાનબાઈ પૂછે છે, સાધુ કેવા હોય ? ગંગાસતી ભજનમાં જવાબ આપતા કહે છે. શિલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ, સાધુ શિલવંત એટલે કે જ્ઞાની હોય, સદ્‌ગુણી હોય, આજના પાખંડી પૈસાની હાટડીઓ માંડીને બેઠેલા સાધુઓ માટે ગંગાસતી ઈશારો કરે છે. સાધુ શિલવંત હોવો જોઈએ એટલે કે ગમે તેવા લોભી પાખંડીને ઓળખી લેજો, વળી બીજા પ્રશ્નના જવાબમાં ગંગાસતી કહે છે, મેરૂતો ડગે પણ જેના મનડાં ડગે નહીં. ભકિતમાં પળે પળે મુશ્કેલી આવે, ઘરના લોકો કુટુંબીઓ અને સમાજ કહેશે જુઓ આ ભગતડું થઈ ગયો, પૈસા કમાતા જોર આવે છે એટલે ઘરમાં ભકતાણું કરી ફરે છે. આવી વાતોથી પ્રભુ ભકિતમાં અંતરાય આવશે. એટલા માટે સમાજના મ્હેણાં ટોણાંથી ડગવું નહીં, મેરૂ એટલે કે પર્વત ભલે ડગે પણ ભકિતના માર્ગે વળેલુ મન ડગવું જોઈએ નહીં. ભલે ભકિતમાં ગમે એટલી મુશ્કેલી આવે. નરસિંહ મહેતાને ભકિતમાં ઘણી અડચણ થઈ. જ્ઞાતિવાળાઓએ ન્યાત બહાર મૂકયા છતા ડગ્યા નહીં. મેરૂ પર્વતની જેમ અડગ રહ્યા તો જ પ્રભુ મળ્યા. નરસિંહ-મીરા-જેસલ-તોરલ જલારામ આ બધાએ વિજળીના ચમકારે મોતીડાં પરોવ્યા ડગ્યા નથી. આપણાં જીવનમાં પણ વિજળીનો ચમકારો થાય છે. કથાઓ થાય છે, સત્સંગ થાય છે. સંતો મોતી અને સોંય દોરો આપે છે. આખી માળાના ૧૦૮ મોતી ભલે ન પરોવાય પણ બે ચાર મોતી પરોવાય તોય ઘણું.

# ગુરુપૂર્ણિમા

રજૂ. કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

પરમ કૃપાળુ પરમાત્માની પરમ કૃપાથી દેવોને દુર્લભ એવો મનુષ્ય જન્મ આપણને પ્રાપ્ત થયો છે. વર્ષમાં બાર પૂર્ણિમા આવે છે .તેમાં અષાઢ સુદ પૂર્ણિમા ગુરૂ પૂર્ણિમા કહેવાય છે. તેને વ્યાસ પૂર્ણિમા પણ કહે છે. ગુરુમાં ખૂબ શ્રદ્ધા રાખવી. "યાદૃશી ભાવના યસ્ત સિદ્ધિ ર્ભવતિ તાદૃશી." જેવી ભાવના હોય, તેવી સિદ્ધિ થાય, તેવું ફળ મળે. શાસ્ત્રોમાં સૌથી વધારે ગુરુ મહિમા કહી છે. જગતમાં ગુરુનું પદ બધા કરતા શ્રેષ્ઠ છે. તેમાં કોઈ દોષ નથી, જે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી જ્ઞાનરૂપી પ્રકાશમાં સ્થિત કરે તે ગુરુ કહેવાય. ત્રણ લોકની અંદર ગુરુના પદ જેવું બીજું કોઈ ઉત્તમ પદ નથી. ગુરુની સરખામણી કોઈની સાથે થઈ શકે તેમ નથી તો કોઈ કહે કે પારસમણી સાથે ? તો પારસમણી લોઢાની સાથે સ્પર્શ કરે તો પારસમણી લોઢાને સોનુ બનાવે પણ તે પારસમણી ન બનાવી શકે. પરંતુ ભગવાન શંકરાચાર્યજી તો કહે છે કે ભલે ગુરુ શિષ્યને સ્પર્શ ન કરે છતાં શિષ્યને પોતાનું પદ અંકિત કરી શકે છે. ત્રણ લોકમાં ગુરુ સમાન કોઈ ઉદાહરણ નથી.

ગુરુ પૂર્ણિમાને દિવસે બધા ગુરુ પાસે શું કામ જાય છે ? કારણ કે પોતે ગુરુ રૂપ બની શકે. જ્ઞાન વગર મુક્તિ નથી અને ગુરુને શરણે ગયા વગર જ્ઞાન મળતું નથી. તેના વગર જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થઈ શકાતું નથી.

**સદ્‌ગુરુ શરણ વિના,અજ્ઞાન તિમિર ટળશે નહીં રે,**
**જન્મ-મરણ દેનારું બીજ ખરું બળશે નહીં રે....**
**સદ્‌ગુરુ....**

ગુરુ પૂર્ણિમાના દિવસે નિત્ય નિયમ અનુસાર નાનો-મોટો પાઠ કરવો એ નિયમ છે, તે અંતઃકરણની શુદ્ધિ માટે છે. સદ્‌ગુરુ પરમાત્માનું પૂજન કરવાથી બધાનું પૂજન થઈ જાય છે. પછી ગુરુ પૂજન કરવુ. પરંતુ આપણને એમ થાય કે પાદુકાનો શો અર્થ ? તેમાં ત્રણ અક્ષર છે. ભગવાન શંકરે માતા પાર્વતીને કહ્યું, "હે પ્રિયે ! હે પાર્વતી ! 'પા' નો અર્થ થાય આખા જગતનું પાલન કરવાવાળા. 'દુ'-'દુરિતક્ષય' મનમાં જે મલિનતા છે તેનો નાશ કરવાવાળા, 'કા' એટલે મનની જે કામનાઓ છે ઈચ્છાઓ છે, તેને પૂરી કરવાવાળા."

બાર પૂર્ણિમામાં ગુરુ પૂર્ણિમાનું મહત્વ સૌથી વધારે છે કારણ કે તે પૂર્ણ છે. સર્વથી વ્યાપક છે. તો આપણને આ સુંદર અવસર મળ્યો છે. ગુરુ ભગવાનની આપણી ઉપર કૃપા તે આપણું પરમ મંગલ કરવાવાળી છે. પૃથ્વીમાં આપણે બીજ નાખીએ તો તે તો આપણને દેવા તૈયાર જ છે. એવી જ રીતે સદ્‌ગુરુ પરમાત્માને આપણે તન-મન-ધન અર્પણ કરીએ તો તે આપણને પરમ પદને પ્રાપ્ત કરાવે છે. જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત કરાવે છે.

**''તન-મન-ધન જેણે સોંપીયા,સદ્‌ગુરુજીને હાથ,**
**કહે પ્રિતમ તેઓ પામીયા,બ્રહ્મપદનો રે સાથ,,**
**.......સાંભળ શુદ્ધ ચિત્તે કરી.''**

**''ગુરુ પદ પંકજ પૂજતા, ચૌદે લોક પૂજાય,**
**શિવ વિરંચીને શારદા, ગુરુતણા યશ ગાય.''**

ગુરુ પરમાત્મા પરમ શ્રેષ્ઠ છે. આ સંસારરૂપી મોટી જેલ છે. તેમાં બધા આવેલા છે. એમાં ગુરુ પરમાત્મા રાષ્ટ્રપતિ છે. તેની પાસે બધા માંગે છે પણ જે બુદ્ધિશાળી છે તે એમ કહે છે કે "મને આ અપાર સંસારરૂપી સમુદ્રમાંથી જન્મ-મરણમાંથી છોડાવો" આપણામાં એક તલ્લીનતા હોવી જોઈએ. જીવમાંથી શિવ બનવાની, જો આપણે શાસ્ત્ર અનુસાર જીવન જીવીશું તો અવશ્ય જન્મ-મરણના ચક્રમાંથી છૂટી જશું. આચાર્ય શંકર કહે છે કે તમારા હૃદયમાં જીવનમાં પરમાત્મા રહેલા છે પણ જો સદ્‌ગુરુ પરમાત્માનો આશ્રય લો તો જીવન સફળ થઈ જાય છે. મુકત બની જાય છે.

કદાચ કોઈ એમ પૂછે કે ગુરુની મહત્તા શી ? તો પ્રત્યેક મનુષ્યને માટે કહ્યું કે જયાં સુધી આયુષ્ય રહે ત્યાં સુધી ત્રણ વંદનીય છે. વેદાંત, ગુરુ અને ઈશ્વર. ભલે કોઈને પ્રણામ ન કરે પણ આ ત્રણે નમસ્કાર કરવા યોગ્ય છે. તો શું કામ ? પેલા જ્ઞાનની પ્રાપ્તિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ થઈ જાય પછી ? તો કૃતજ્ઞતા માટે, ઋણ ચૂકવવા માટે, ગુરુનું ઋણ ભૂલી જાય તે કૃતઘ્ની છે. આપણે ત્યાં કહ્યું, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, સત્યં વદ, ધર્મં ચર, વેદાંત બતાવે છે કે તું કોણ છે?

તે ગુરુ વગર ખબર પડતી નથી.

**ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો,**
**તપાસ કરને તેની રે,**
**શોધી કાઢને સદ્‌ગુરુ જોષી,**
**ઉકેલ આપે તેનો રે.**

આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર બીજી કોઈ વસ્તુ નથી. વેદાંતનો ઉકેલ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ જ આપે છે. જેની પાસે બ્રહ્મ વિદ્યા ન હોય, જ્ઞાન ન હોય તો ભલે એ ડોક્ટર કે એન્જીનીયર હોય તો પણ તે અભણ છે. બ્રહ્મ વિદ્યા પ્રાપ્ત થતા જીવ બધા જ પાપોથી છૂટી જાય છે. આ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરે છે. એ સાક્ષાત નારાયણ છે.

છેલ્લે હું એટલું જ કહીશ કે તે પરમ વંદનીય છે. વંદન કરીને સ્મરણ કરે તેનું જીવન આનંદમય સુખી બની જાય. ગુરુ મહારાજ જે વચનો બતાવે એમાં શ્રદ્ધા રાખવી, વિશ્વાસ રાખવો. તેઓ જે બોલે તે પાળવું, બધામાં પ્રેમ રાખવો, શ્રવણ કરતા રહેવું. મનન, નિદિધ્યાસન કરતાં રહેવું. માનવ શરીર સુંદર મળ્યું છે તો સચ્ચિદાનંદમય બની જઈએ, મુક્ત બનીને રહીએ. આ સંસારમાં કોઈ પોતાનું નથી. આ શરીરય આપણું નથી. તો બીજું તો શું હોય ? શરીર ધારણ કર્યું છે તે તો મરવાના, મરવાના ને મરવાના. શરીર મરે પણ હું મરતો નથી. 'હું' એટલે આત્મા. શરીરમાં રહેતા, રહેતા વિચાર કરવો કે આ શરીર હું નથી ને મારું નથી. સમય છે. શરીરમાં ચેતનતા છે. તો જ્ઞાન પ્રાપ્ત કરીને કલ્યાણને માટે પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ ધામધૂમથી પ્રસંગ હોય, તો શું થાય ? આપણને તેમાં રાગ થાય. પરંતુ ગુરુને શરણે જઈને ભાવથી શ્રદ્ધા પૂર્વક પૂજન કરે તો અનુરાગ પ્રાપ્ત થાય. એ અનુરાગ થાય તો મનમાં શુભ સંકલ્પ થાય. તેનાથી પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે. પૂર્વના પૂણ્ય ન હોય ત્યારે શુભ સંકલ્પ કરવાનું મન જ થતું નથી પૂર્વના પુણ્ય પ્રગટ થાય ત્યારે શુભ સંકલ્પ થાય અને મનથી સ્વિકારે તો પછી ભક્તિનો ભાર ન લાગે પણ આનંદ આવશે.

ગુરુ પૂર્ણિમાના દિવસે અવશ્ય પૂ. ગુરુજીના દર્શને જવું. ખૂબ ભકિતભાવ પૂર્વક શ્રદ્ધાથી ગુરુકૃપાથી સુંદર ગુરુનું પૂજન કરીને ગુરુને પ્રસન્ન કરવાં, જ્ઞાન લેવું, મનન કરીને, ચિંતન કરીને, આ મનુષ્ય જીવનને સફળ બનાવીએ એવી જ ગુરુ પરમાત્માને પ્રાર્થના....

સર્વત્રઃ સુખીનઃ સન્તુ...

## ભજન

**રજુ. નીતાબેન પંકજભાઈ અણઘણ (સેંજળીયા)**

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

ભાગ્યે મળ્યા ગુરૂદેવ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
લાગ્યો મને ભક્તિનો રંગ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
સંતોના શરણે નિત્ય-નિત્ય જઈએ.
સંતોની વાણી ઉરમાં ધરીએ.
ચડે એમાં સો ગણો રંગ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
ભાગ્યે મળ્યા ગુરૂદેવ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
સંતોના ચરણોમાં વંદન કરીએ
સંતોની ચરણ રજ લાગે અતી પ્યારી
ઉડી ઉડી આવે મારે અંગ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
ભાગ્યે મળ્યા ગુરૂદેવ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
સંતો પાસે જઉને જ્ઞાન ગંગામાં ન્હાઈએ
જ્ઞાનગંગાથી ભવજળ તરીએ.

દોડી દોડી જાય મારૂ મન ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
ભાગ્યે મળ્યા ગુરૂદેવ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
નુગરાતે નરનો સંગ નવ કરીએ
નુગરા હશે તે નર્કે જાશે.
થાશે કોઈ આંધળા-અપંગ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
ભાગ્યે મળ્યા ગુરૂદેવ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ભગવાન
ચોરાશી લાખ અવતારો ભટકી
પુણ્યરૂપે આજે ચેક મળ્યા છે.
છુટે એમાં ચોરાશીના ફંદ ગુરૂજી મને ભાગ્યે મળ્યા ગુરૂ ભગવાન
ભાગ્યે મળ્યા ગુરૂ ભગવાન ગુરૂજી મને ભાગ્યે મળ્યા ગુરૂ ભગવાન.

# બાળ સંસ્કાર શિબિર - ચાણોદ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તા. ૧૧-૫-૧૪ થી તા. ૧૭-૫-૧૪ સુધી ચાણોદ ધામ "બાળ સંસ્કાર શિબિર"નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. તેમાં ૫૬ બાળકોએ લાભ લીધો હતો.

**-:: શિબિરનો કાર્યક્રમ ::-**

વહેલી સવારે ૫.૩૦ કલાકે શ્રી ગુરૂગીતાનો પાઠ. ત્યારબાદ ૬.૩૦ કલાકે શ્રી સુરેશભાઈ ડુંગરશીભાઈ ગાબાણી યોગાસન કરાવતા. ત્યાર પછી ચા-નાસ્તો, ત્યારબાદ ૯.૦૦ કલાકે બ્રહ્મચારી શ્રી સુરેશ્વરાનંદજી મહારાજ શ્રી કાર્યક્રમ ચલાવતા. આ કાર્યક્રમમાં તેઓ બાળકોને કીર્તન કલીકામાંથી ભજન શીખવાડતા, ત્યારબાદ ૧૦.૩૦ કલાકે પરમ પૂજ્ય સ્વામીજી મહારાજ શ્રી કાર્યક્રમ ચલાવતા. જે કાર્યક્રમમાં તેઓ બાળકોને "શ્રી સદ્‌ગુરૂ પ્રાતઃ સ્મરણ સ્તોત્રમ્" જે પરમ પૂજ્ય સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીને સવારમાં દંડવત કરીએ છીએ તે સ્તોત્ર શિખવાડતા હતા. ત્યારબાદ ૧૧.૩૦ કલાકે બપોરનું ભોજન અને બપોર પછી ૩.૦૦ કલાકે પરમ પૂજ્ય સ્વામીશ્રી ભૂમાનંદજી મહારાજશ્રી કાર્યક્રમ ચલાવતા. તે પણ ભજન શીખવાડતા. ત્યાર પછી પરમ પૂજ્ય સ્વામીશ્રી હરિહરાનંદજી મહારાજશ્રી કાર્યક્રમ ચલાવતા. તેઓ શ્રી 'ઉપદેશ પંચરત્નમ્' વિશે સમજાવતા. ત્યાર પછી ૫.૦૦ કલાકે સર્વે બાળકોને નર્મદાજીમાં સ્નાન કરવા લઈ જતા. નર્મદામાં બાળકોને નાસ્તો પણ કરાવતા. બાળકો સાથે વાલીઓ પણ સ્નાન કરવા આવતા. ત્રણ ચાર હોડી ભરીને સ્નાન કરવા માટે કાંઠે લઈ જતા. પૂજ્ય સ્વામીજીશ્રી બધા બાળકોને બહુ જ આનંદ કરાવતા. તરતા પણ બાળકોને શીખવાડતા હતા. પાણીમાં બરફના ગોળા પણ ખવડાવતા. સ્નાન કર્યા પછી સાંજની આરતી, દંડવત્ પ્રાર્થના કરતા ને ત્યારબાદ સાંજનું ભોજન આ હતો શિબિરનો કાર્યક્રમ.

કાર્યક્રમ દરમ્યાન બાળકોને સંતોએ બહુ જ આનંદ કરાવ્યો અને છેલ્લા દિવસે બાળકોને ઈનામ આપી ખુશ પણ કર્યા હતા. - બાળકોને માતા-પિતા યાદ ન આવે તેમ રાખ્યા હતા.

શ્રી લાભુભાઈ કેશવભાઈ સુતરિયા પાલડી વાળા તરફથી દરેક બાળકોને પૂજા-પાઠનો સેટ આપ્યો હતો. જેમાં માળા-ગૌમૂખી-આસન-પૂજા બાંધવાની પોથી ગુરૂગીતા બાંધીને સર્વોને વિતરણ કર્યુ હતું.

ત્યારબાદ દરેક બાળકોને શ્રી વાલજીભાઈ દેવશીભાઈ અણઘણ નાવડાવાળા તરફથી ઠંડુ પાણી રહે તેવી વોટરબેગ ઈનામમાં આપી હતી અને એક થી ત્રણ નંબર સુધીના બાળકોના મોટા સારા ઈનામ આપ્યા હતા.

**<u>નંબર આવેલા બાળકોના નામ નીચે મુજબ છે-</u>**

૧.ચિ. ઋષિલ બીપીનભાઈ ગાબાણી -પીપળીયા
૨. ચિ. વૈભવ નરેશભાઈ મોણપરા - નાવડા
૩. ચિ. દર્શિલ મુકેશભાઈ ગાબાણી - પીપળીયા

બાળપણમાં જો ધર્મના સંસ્કાર જીવનમાં આવે તો પછી ભૂલાતા નથી. બાળકોને દરરોજ આરતી વડીલોએ કરાવવી જોઈએ, સંતો મહાપુરુષો પાસે જ્ઞાન ખજાનો હોય છે. જો આપણામાં યોગ્યતા હોય તો લઈ શકાય છે. યોગ્યતા ન હોય તેને સત્સંગમાં જવાનું મન થતુ નથી. માટે પહેલા વડીલોએ સવારમાં પાઠ-માળા કરવી જોઈએ ને સાંજે આરતી-દંડવત્-ધોળ-પ્રાર્થના કરવી જોઈએ.

ધંધામાંથી સમય કાઢીને પણ નિત્ય કર્મ અવશ્ય કરવું જોઈએ. પાઠ-માળા, આરતી, પ્રાર્થના ઈત્યાદી કર્મ કદી પણ ચૂંકવું જોઈએ નહીં. જો વડીલોને આરતી આવડતી હશે તો જ બાળકોને આવડવાની છે. બાળકનું હૃદય કોરી પાટી છે, જેવું તેમાં ચિત્રો તેવું ચિત્રાઈ જાય છે. માટે જયારે જયારે પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી શિબિરનું આયોજન કરે છે તે આપણા હીત માટે કરે છે માટે બાળકોને લઈને અવશ્ય શિબિરમાં આવવાનો આગ્રહ રાખો. બાળક જે છે તે ચેતન ધન છે જ્યારે જમીન, પૈસા, બંગલા એ ધન જડ છે. ચેતન ધન જ જીવનમાં મદદરૂપ બને છે. ચેતન ધન જ સુખ આપે છે માટે પૂજ્ય બ્રહ્મલીન સ્વામીજી દરરોજ કથામાં કહેતા,


વારંવાર ટકોર કરતા હતા કે તમો ચેતન ધન સાચવજો. જો ચેતન ધન બગડી જશે તો તમારી આખી જીંદગીનું ભેગુ કરેલું જડ ધન તે ટૂંક જ સમયમાં તમારી નજર સામે વેડફી નાખશે અને આખી જીંદગીની કમાણી તથા આબરૂ ખોઈ નાખશે. માટે ધંધામાંથી થોડો સમય કાઢી ચેતન ધનને બાળપણથી જ સત્સંગમાં લઈ જવા, સારા સંસ્કાર આપવા તથા સંતો પાસેથી અપાવવા તથા સારા પુસ્તકો ઘરમાં રાખવા. બાળકોને વંચાવો તથા પોતે વાંચો તો પાછળની જીંદગીમાં પસ્તાવાનો વારો નહી આવે અને ચીંતા પણ નહીં થાય માટે ચેતન ધનને સાચવજો.

## ચાણોદ તા. ૧૧-૪-૧૪ થી તા. ૧૭-૫-૧૪ સુધી બાળ સંસ્કાર શિબિરમાં ભાગ લીધેલ બાળકોની યાદી

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ


સુતરીયા ફેનીલ ભરતભાઈ સેદરડા
સુતરીયા વિશ્વ ભુપેન્દ્રભાઈ સેદરડા
મોણપરા પવન રણછોડભાઈ સેદરડા
કુકડીયા તીલ અશોકભાઈ
ધામેલીયા તુલસી મહેશભાઈ
ગાબાણી રૂદ્ર મુકેશભાઈ પીપળીયા
દેસાઈ કિર્તન વિપુલભાઈ ગઢાળી
મોરડીયા ધ્રુવ અરવિંદભાઈ પીપળીયા
મોરડીયા હર્ષ વિપુલભાઈ પીપળીયા
ગાબાણી સોહમ ઘનશ્યામભાઈ પીપળીયા
ગાબાણી શિવમ્ ઘનશ્યામભાઈ પીપળીયા
ગાબાણી રાજવી બીપીનભાઈ પીપળીયા
કોઠારીયા દશરથ રાધેશ્યામભાઈ નટવરગઢ
ધામેલીયા વંશ ભરતભાઈ સુરત
ધામેલીયા ધાર્મી ભરતભાઈ સુરત
કોઠારીયા અનિલ લવજીભાઈ નટવરગઢ
કુકડીયા હસ્તિ અશોકભાઈ ભોજાવદર
માંગુકીયા ગ્રીષ્મા ઉપેન્દ્રભાઈ લીંબડા
ઠુંમર શ્યામ ઈશ્વરભાઈ અલમપર
મોરડીયા ધ્રુવ અરવિંદભાઈ વલ્લભીપુર
જાળેલા ઋત્વિકા ઘનશ્યામભાઈ દેવગાણા
જાળેલા વૈદેહી ઘનશ્યામભાઈ દેવગાણા
જાળેલા હિરેન ઘનશ્યામભાઈ દેવગાણા
જાળેલા અવની ઘનશ્યામભાઈ દેવગાણા
સુતરીયા કિશનભાઈ દિલીપભાઈ મુંબઈ
સુતરીયા જૈવિકભાઈ મનિષભાઈ મુંબઈ
સુતરીયા દર્શકભાઈ મનિષભાઈ મુંબઈ
પટેલ ચકિલભાઈ નિલેશભાઈ
પટેલ યશ દિવ્યકાન્તભાઈ કલોલ
ઈટાલીયા નયન મહેશભાઈ
કોઠારીયા નરેશ પાંચાભાઈ નટવરગઢ
મોણપરા જયકુમાર મુકેશભાઈ ડંભાળીયા
મોણપરા પાર્થિવ રણછોડભાઈ ડંભાળીયા
ભરોડીયા હિમાંશુ કનૈયાલાલ પાલડી
ભરોડીયા શિવમ્ ભરતભાઈ પાલડી
ભરોડીયા ધ્રુવ નરેશભાઈ પાલડી
ભરોડીયા રિધ્ધેશ નરેશભાઈ પાલડી
ભરોડીયા રૂદ્ર પરેશભાઈ પાલડી
ભરોડીયા ઈશિકા પરેશભાઈ પાલડી
ભરોડીયા મીત રાજેશભાઈ પાલડી
ભરોડીયા ખૂશી રાજેશભાઈ પાલડી
દેસાઈ ભાર્ગવ બીપીનભાઈ ઉખરલા
દેસાઈ પાર્થ પ્રવીણભાઈ ઉખરલા
દેસાઈ જૈમીશ ધનસુખભાઈ ઉખરલા
માંગુકીયા વત્સલ અરવિંદભાઈ દડવા
માંગુકીયા ઓમ જીગ્નેશભાઈ દડવા
કોશીયા ઋગ્વેદ મનોજભાઈ ભાંભણ
કોશીયા સોમ પરેશભાઈ ભાંભણ
કોશીયા શ્યામ મનોજભાઈ ભાંભણ
કોશીયા હર્ષ રસીકભાઈ ભાંભણ
વકાતર જેસીંગ રૂડાભાઈ ભઠલા
માંગુકીયા પારસ વિરલભાઈ જમરાળા
સુતરીયા કૃશાલ ભરતભાઈ સેદરડા

॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥ ॥ ૐ શ્રી માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥



પ.પૂ.શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી
માધવાનંદજી મહારાજ


# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ - ચાણોદ



પ.પૂ.શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી
શિવોહં સાગરજી મહારાજ



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

**શ્રી ગામ ચાણોદ ધામથી લી. સ્વામીજી મહારાજશ્રીના ચરણોપાસક સેવક સમસ્તના સવિનય સાદર ઘણા હેતથી જય શ્રી સચ્ચિદાનંદ વાચશોજી.**

જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે આ વર્ષમાં પ. પૂ. પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ **સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી**ની મહતિ અનુકંપાથી ભગવતી માઁ નર્મદાની પાવનકારી ગોદમાં તથા **ધર્મધૂરંધર સ્વામીશ્રી શિવોહંસાગર** અન્નક્ષેત્રના પવિત્ર સ્થાનમાં એવમ્ પ.પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી**ની સમાધિના સાનિધ્યમાં એવમ્ પ.પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી** ધર્મપ્રચાર્થે વિદેશ અમેરિકા ગયેલ હોવાથી તેઓશ્રીની આજ્ઞાથી ગુજરાતનું દક્ષિણ પ્રયાગ એવા ચાણોદ મુકામે સંવત ૨૦૭૦ અષાઢ સુદ પૂનમ ગુરૂ-પૂર્ણિમા તા. ૧૨-૭-૨૦૧૪ શનિવારના પવિત્ર દિવસે પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધુમથી ઉજવાશે.

તેમજ પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય **સ્વામીશ્રી ભૂમાનંદ સાગરજી મહારાજ** શ્રી ચાણોદ મુકામે ચાતુર્માસ કરશે તેમજ શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપનિષદ તથા રામાયણ અન્ય ધર્માદિ શાસ્ત્રના માધ્યમથી ધર્મ, કર્મ, ભક્તિ તથા આધ્યાત્મિક જ્ઞાન આપશે. તો પવિત્ર ચાતુર્માસ દરમ્યાન ચાણોદ મુકામે શ્રી સદ્‌ગુરુની દિવ્ય સમાધીના દર્શન, નર્મદા સ્નાન તથા સંતોના દર્શન પ્રવચનનો લાભ લઈ પુણ્યના ભાગીદાર થવું.

## ગુરૂ પૂર્ણિમા મહોત્સવ કાર્યક્રમ તા. ૧૨-૭-૨૦૧૪ ને શનિવાર



પ.પૂ. સ્વામીશ્રી
પ્રકાશાનંદ સાગરજી મહારાજ

| | | |
|---|---|---|
| **પ્રાતઃ કાલ** | **: ૪-૦૦ થી ૫-૦૦** | **પવિત્ર નર્મદા સ્નાન** |
| **પ્રાતઃ કાલ** | **: ૫-૦૦ થી ૫-૩૦** | **પ્રભાતિયા** |
| **સવારે** | **: ૫-૩૦ થી ૭-૧૫** | **શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ** |



પ.પૂ. સ્વામીશ્રી
ભૂમાનંદ સાગરજી મહારાજ

### નિમંત્રક

શ્રી સચ્ચિદાનંદ
સમસ્ત સેવક મંડળ,
ચાણોદ

Visit us :
www.omshreemadhavanandji.org

### ચાતુર્માસ દરમ્યાન સત્સંગનો સમય


**સવારે : ૫-૩૦ થી ૬-૩૦ શ્રી ગુરૂગીતાનો પાઠ**

**બપોરે : ૪-૦૦ થી ૫-૦૦ પ્રવચન**

### મહોત્સવ સ્થળ

શ્રી માધવાનંદ આશ્રમ
''અખંડધામ'', મુ. ચાણોદ
તા. ડભોઈ, જી. વડોદરા
ફોન : ૦૨૬૬૩ - ૨૩૩૩૬૨
મો. : ૯૫૮૬૮૮૬૬૩૨

**ખાસ સૂચના :** ગુરૂપૂર્ણિમા મહોત્સવ તેમજ ચાતુર્માસમાં આવનાર સેવક ભાઈ-બહેનોએ અગાઉથી ફોન દ્વારા પોતાના નામ નોંધાવવા નમ્ર વિનંતી. જેથી કરીને વ્યવસ્થા સારી થઈ શકે. જણાવ્યા વગર આવશે તે ગુરૂજીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ગણાશે.



ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ધર્મ પ્રચાર્થે અમેરીકા બીરાજમાન છે. તેઓશ્રીના શ્વાસ સ્વસ્થ છે. સર્વેને આશીર્વાદ પાઠવેલ છે.

## પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીનો અમેરીકાનો સંપર્ક નંબર – ૦૦૧ ૮૬૨૫૭૯૦૩૯૮



## પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજશ્રીનો ચાતુર્માસનો કાર્યક્રમ

પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું આ વર્ષનું ચાતુર્માસ સુરત શહેરના આંગણે શ્રી માધવાનંદ આશ્રમમાં રાખેલ છે. ચાતુર્માસનો સમય તા. ૧૨-૭-૧૪ થી તા. ૯-૯-૧૪ સુધી રહેશે તેઓશ્રી ચાણોદ ગુરૂ પૂર્ણિમા મહોત્સવ પૂર્ણ કર્યા બાદ સાંજે ચાતુર્માસ કરવા સુરત મુકામે પધારશે.

### ચાતુર્માસ દરમ્યાન નિત્ય કાર્યક્રમ

સવારે ૬-૧૫ શ્રી ગુરૂગીતાનો પાઠ
બપોરે ૪-૦૦ પ્રવચન-આરતી
રાત્રે ૯-૦૦ પ્રાર્થના-પ્રવચન

આયોજીત : શ્રી સચ્ચિદાનંદ સમસ્ત સેવક મંડળ, સુરત.
શ્રી માધવાનંદ આશ્રમ-ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત. ફોન. ૦૨૬૧-૨૫૩૪૬૧૦

### ખાસ સૂચના

લેખ, ભજન કે કીર્તન મોકલનારે તારીખ સાથે પોતાનું સ્વચ્છ સરનામું તથા ફોન નંબર આપવાનો રહેશે તેમજ લેખ, ભજન કે કીર્તનના અંતમાં પોતાની સહી કરવાની રહેશે. સહી કરેલા લેખ, ભજન કે કીર્તન સારા અક્ષરોમાં હાસિયો છોડીને લખેલા હશે તો જ માન્ય ગણાશે. ઝેરોક્ષ કરેલા લેખ, ભજન કે કીર્તન માન્ય રહેશે નહીં.

## ભજન

રજુ. રમીલાબેન જી. ગાબાણી (પીપળીયા)

શું કર્યું જન્મી સંસારમાં ખોયો દુર્લભ દેહ,
મોટું સુખ જેથી મળે તે તો થયું ન તેહ..... શું કર્યું....
સ્વર્ગના દ્વાર ઉઘાડવા, સાધી શક્યો નહીં ધર્મ,
નાખે લઈ નરકમાં એવા કીધા કે કર્મ..... શું કર્યું....
મૂળ ઉચ્છેદે મોહનાં એવું ગુરૂ તણુ જ્ઞાન
ઉરમાં ન આવ્યું અભાગ્યથી, ન ધર્યુ બ્રહ્મનું ધ્યાન..... શું કર્યું....
તપમાં તો ઘડીએ તપ્યો નહીં, તપ્યો ત્રિવિધીના તાપ,
પૂણ્યના સાધન ન કર્યા, કર્યા પૂરણ પાપ..... શું કર્યું....
દાન ન દીધા દીન ને, દીધા દુર્બળને દુઃખ,
કોટી જનમ ભજી કામના, તોય ન ભાગી ભુખ..... શું કર્યું....
કાળ તો કયાંય ગયો નહીં, ગયો આપે બહુવાર,
અપરાધ કીધા અનેકના મળ્યો જમડાનો માર..... શું કર્યું....
તન મન ધનથી દુષ્કૃત કર્યા સુકૃત નવ કર્યા કાય,
મરણ પછી મારૂં શું થશે, એવું ન આવ્યુ મન માઈ..... શું કર્યું....
તૃષ્ણા તો જીર્ણ થઈ નહીં, જીર્ણ થયું શરીર,
શ્વાસનું સત્વ જરી ગયુ, જેવુ કુંભનું નીર..... શું કર્યું....
વચન ન પાળ્યા તે વેદના, ગુરૂ આજ્ઞા આધીન,
વનિતાને વશ થઈ વરતીયો, મન કર્મ વચન મલિન..... શું કર્યું....
કષ્ટ સહ્યાં કોટી ભાતના, સહ્યાં ચિત્ત ને તાપ,
ધર્મનો શ્રમ સહ્યોં નહીં, ભૂલ્યો શિવજીના જાપ..... શું કર્યું....
નિષ્ફળ કર્મ કરી મૂવો, ફળ મળ્યુ નહીં કાય,
ચપળ આયુષ્ય ચાલ્યુ ગયું, જેવી વાદળીની છાય..... શું કર્યું....
એકસો વરસનું આયષુ, વિધિએ કર્યુ નિર્માણ,
અર્ધુ ગુમાવ્યુ તે ઉંઘમાં, ફોગટ વહી ગયો પ્રાણ..... શું કર્યું....
બાર વરસ ગયા બાળમાં, વૃધ્ધા વસ્થામાં વીસ,
શેષ ગયા સંતાપમાં, ઉદ્યમમાં અહર્નિશ..... શું કર્યું....
વારે વારે વહી ગયો, કર્તા કર્મનો જોગ,
છોટમ હવે સમજી કરો, પ્રભુ મળવાનો જોગ..... શું કર્યું....

**:: સૌજન્ય ::**

**પ્રકાશક શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી**
**ગામ – ચકમપર (હાલ સુરત.)**

Rate Per Copy - Rs. 50/-
Regd. No. S.R.H.O./
Valid Up to
RNI. No. GUJ.GUJ./2000/2499
Posted at ST. R.M.S. on 5th of every Month

Printed Book




**પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ તા. ૧૦-૫-૨૦૧૪ ગામ : ધર્મજ**

પ્રકાશક – મુદ્રક : પાર્થ પ્રિન્ટ પોઈન્ટ, શ્રીજી આવાસ, માનગઢ ચોક, સુરત થી છપાવી
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર – ૧,
કતારગામ રોડ, સુરત–૪ થી પ્રકાશિત કર્યુ.
શ્રી લક્ષ્મણભાઈ જે. સોનાણી

प्रकाशक-मुद्रक : पार्थ प्रिन्ट पोइन्ट, श्रीजी आवास, मानगढ चोक, सुरत से छपवाकर
श्री सच्चिदानंद सेवक मंडळ, श्री माधवानंद आश्रम, उदयनगर – १,
कतारगाम रोड, सुरत-४ से प्रकाशित कीया।
श्री लक्ष्मणभाई जे. सोनाणी

Publisher - Printer : Printed at Parth Print Point, Shriji Aavas,
Mangadh Chowk, Surat. published from
Shri Sachchidanand Sevak Mandal,
Shri Madhvanand Asheam,
Udaynagar-1, Katargam Road, Surat.
Shri Laxmanbhai J. Sonani

BOOK POST

If Not Delivered Please Return To :-

# "વેદ રહસ્ય"

(સામયિક)

:: કાર્યાલય ::

શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર – ૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦